

P.09

મને બેભાન કરવાનો પ્રયાસ કર્યો પરંતુ હું ત્યાંથી ભાગી ગઈ : રશ્મિ દેસાઈ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.09

જેકલીનને ખુશ કરવા હોલિવૂડમાં રૂ.૧૧૩૦ કરોડ રોકીશઃ સુકેશ

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૯૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક સુદ ૧૪ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 99 • Dt. 14-10-2024 Friday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

કરદાતાઓએ બનાવ્યો રેકોર્ડ, દર કલાકે ૨૨૫ કરોડ ટેક્સ ભરાયો

09



15 NOVEMBER- 2024 FRIDAY



09

કોચિંગ સેન્ટર્સ હવે ગેરમાર્ગે દોરતી જાહેરાત નહીં કરી શકેઃ માગરિખા જાહેર







## ૪૮ કરોડની કરચોરી ઝડપાઈ । કોપરના વેપારીઓની ૧૪ પેઢીઓ પર જીએસટીના સામૂહિક દરોડાથી ખળભળાટ મચ્યો

# રાજકોટ સહિત છ શહેરોમાં જીએસટીના દરોડા

। અમદાવાદ,તા.૧૪ ।

રાજ્યમાં જીએસટીએ ફરી એકવાર દરોડા પાડ્યા છે. જીએસટીએ રાજ્યમાં કોપરના વેપારીઓ પર દરોડા પાડ્યા છે.એસજીએસટી દ્વારા ૬ શહેરોમાં ૧૪ પેઢીઓ પર દરોડા પાડવામાં આવ્યા છે, જેમાં મોટી સંખ્યામાં કરચોરી ઝડપાઈ છે.રાજ્યના સુરત, રાજકોટ, જૂનાગઢ, ભરૂચ, વાપી, ભાવનગરમાં એસજીએસટીની અલગ-અલગ ટીમોએ દરોડા પાડીને કુલ રૂ. ૪૮ કરોડની કરચોરીનો પર્દાફાશ કર્યો છે. આ તપાસમાં કુલ ૪૮ કરોડ રૂપિયાની કરચોરી બહાર આવી છે.

આ સાથે સરકાર પાસેથી ટેક્સ ક્રેડિટ મેળવતી ચાર નકલી કંપનીઓ પણ ઝડપાઈ છે. ત્યારે ૧૯.૪૯ કરોડની કરચોરીમાં સંડોવાયેલા ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝના સંદીપ અનવર વિરાણીની પણ ધરપકડ કરવામાં આવી છે.

### રાજ્યની જીએસટી આવકમાં મોટો વધારો

રાજ્યની જીએસટી આવકમાં મોટો વધારો નોંધાયો છે રાજ્યની GST આવકમાં મોટો વધારો નોંધવામાં આવ્યો છે. રાજ્યની જીએસટી આવકમાં ૧૮ ટકાનો વધારો થયો છે. આ વિગતો થોડા દિવસો પહેલા જાહેર કરવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૨૪માં જીએસટીની કુલ આવક રૂ. ૬,૧૪૬ કરોડ હતી. જે ગયા વર્ષના ઓક્ટોબરની આવક કરતાં ૧૮ ટકા વધુ છે.ઓક્ટોબર ૨૦૨૪માં રાજ્યની જીએસટી આવક રૂ. ૬,૧૪૬ કરોડ હતી.

## પોલીસ ભરતીને લઈ મોટા સમાચાર : હવે ડિસેમ્બર માસમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે

# પોલીસ ભરતીની શારીરિક કસોટીની તારીખમાં ફેરફાર

। ગાંધીનગર, તા. ૧૪ ।

પોલીસ ભરતીની તૈયારી કરનાર ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા પોલીસ ભરતીની શારીરિક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, પહેલાં ૨૫ નવેમ્બરના દિવસે પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષા યોજાવાની હતી. જોકે, હવે આ પરીક્ષા નવેમ્બરના બદલે ડિસેમ્બરમાં યોજવામાં આવશે.સરકાર દ્વારા પોલીસ ભરતીની તારીખમાં



ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલા આ શારિરિક પરીક્ષા ૨૫ નવેમ્બરના રોજ યોજાવાની હતી ત્યારે હવે ડિસેમ્બર માસમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. હસમુખ પટેલે ચેરમેન પદેથી રાજીનામું આપતા ભરતી પ્રક્રિયાને અસર થઈ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. પોલીસ ભરતીની શારીરિક પરીક્ષા ડિસેમ્બરમાં લેવામાં આવતા ઉમેદવારને વધારાનો સમય મળી શકે છે. હાલ આ પરિક્ષાને લઈ ઉમેદવારો છેલ્લા ૬-૪ મહિનાથી પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે શારિરીક પરીક્ષામાં વાપરવામાં આવતી ચિપ પણ હજુ આવી ન હોવાથી પરીક્ષાનો સમય લંબાયો છે.૧૦ થી ૧૫ ડિસેમ્બરની વચ્ચે કોન્સ્ટેબલ, PSI અને PI ભરતી માટેની શારીરિક પરીક્ષા લેવામાં આવે તેવી શક્યતા છે. નોંધનીય છે કે, પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષાના આયોજનને લઈને હજુ સુધી સત્તાવાર રીતે કોઈ નક્કી તારીખ જાહેર કરવામાં આવશે.



### અમદાવાદમાં મ્યુનિ.ની અંતિમ નોટિસ

# ખૂટતા પાર્કિંગની ફી ભરી ગેરકાયદે બાંધકામ નિયમિત કરાવી લો

## સાત ઝોનનાં જુદા જુદા વોર્ડમાં રહેણાક અને કોમર્શિયલ પ્રકારનાં ગેરકાયદે બાંધકામો થઇ ગયાં છે : તંત્ર

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૪ ।

શહેરનાં વિવિધ વિસ્તારોમાં મ્યુનિ. એસ્ટેટ ખાતાની અને સ્થાનિક રાજકારણીઓની મીલીભગતથી થયેલાં રહેણાક અને કોમર્શિયલ પ્રકારનાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરાવવા તથા તેમાં ખૂટતા પાર્કિંગ અંગે રાજ્ય સરકારે પ્રસિધ્ધ કરેલાં સુધારાનો લાભ લઈ લેવા મ્યુનિ.એ અંતિમ નોટિસ જારી કરી છે.મ્યુનિ. એસ્ટેટ-ટીડીઓ ખાતાનાં સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, સાત ઝોનનાં જુદા જુદા વોર્ડમાં રહેણાક અને કોમર્શિયલ પ્રકારનાં ગેરકાયદે બાંધકામો થઈ ગયાં છે, તેને નિયમિત કરવા માટે રાજ્ય સરકારે અનધિકૃત વિકાસને નિયમિતતા એક્ટ નં ૦૧-૨૦૨૨થી જાહેર કર્યો છે.

જેનો લાભ લેવાની છેલ્લી તારીખ ૧૬મી ડિસેમ્બર નિર્ધારિત કરવામાં આવેલી છે.સૂત્રોએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલાં એક્ટ અન્વયે ઈમ્પેક્ટ ફી ભરી ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા માટે સાત ઝોનમાંથી કુલ ૬૬૧૩૫ અરજી આવી હતી. જેમાંથી ૧૭૩૧૯ અરજી મંજૂર થતાં મ્યુનિ.ને ૧૮૨ કરોડ જેટલી જંગી આવક થવા પામી છે. જોકે, તમામ ગેરકાયદે બાંધકામ જુદા જુદા કારણોસર મંજૂર થઈ શકે તેવા હોતા નથી. તેમાંય રાજ્ય સરકારે જારી કરેલાં ઈમ્પેક્ટ ફીનાં કાયદામાં આ વખતે પાર્કિંગની સમસ્યાને ધ્યાને લઈ આકરી જોગવાઈઓ કરી હોવાથી અનેક ગેરકાયદે બાંધકામ મંજૂર થઈ શકે તેમ નહોતા. બીજી બાજુ ઈમ્પેક્ટ ફીનાં કાયદાની મુદત હવે પૂરી થવા આવતી હોઈ આ મામલે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત થતાં રાજ્ય સરકારે ખૂટતા પાર્કિંગ અંગેની જોગવાઈમાં સુધારો કરીને ફી વસૂલ કરવાનું ઠરાવ્યું છે. તે જોતાં મ્યુનિ. માંથી ૩૩૫૨૦ અરજીઓ જે જુદા જુદા કારણોસર નામંજૂર થઈ છે.

## ૨ ટ્રક અને ૧૪ ટ્રેક્ટર જુદા જુદા વિસ્તારોમાં ખનન કરતા ઝડપાયા

## ખાણ અને ખનીજ વિભાગે પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ સામે મોટી કાર્યવાહી હાથ ધરી, દોડધામ મચી જવા પામી

# ખનીજ માફિયાઓ સામે કાર્યવાહીથી સનસનાટી, દોઢ કરોડનો સામાન જપ્ત

। બ્યુરો,દાહોદ,તા.૧૪ ।

રાજ્યમાં ખનીજ માફિયાઓ બેફામ બની ગયા છે. ત્યારે ખાણ અને ખનીજ વિભાગે પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ સામે મોટી કાર્યવાહી હાથ ધરી છે.

કલોલના કાકનપુર, શહેરા, બાહી, છગનપુરા વિસ્તારમાં ખાણ અને ખનીજ વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગેરકાયદેસર ખનન માટે ટ્રેક્ટર, જેસીબી સહિત ૭ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. કુલ ૧ કરોડ ૫૦ લાખનો



માલસામાન જપ્ત કરવામાં આવ્યો છે. છોટા ઉદેપુરમાં ખાણ ખનીજ વિભાગે ૧.૨૦ કરોડનો માલ જપ્ત કર્યો હતો તો બીજી તરફ છોટા ઉદેપુરમાં પણ ખાણ અને ખનીજ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે.

રેતી ખનીજના અનઅધિકૃત ખનન સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ૨ ટ્રક અને ૧૪ ટ્રેક્ટર જુદા જુદા વિસ્તારોમાં ખનન કરતા ઝડપાયા છે. પાદરવાટ, ઓલીંબા, પાનવડ, સિહોદ, સીમલિયા સહિતના વિસ્તારોમાં ખનન થઈ રહ્યું હતું. અંદાજે રૂ. ૧.૨૦ કરોડનો કિંમતી સામાન જપ્ત કરવામાં આવ્યો છે. ખાણ અને ખનીજ વિભાગની કાર્યવાહીથી સમગ્ર રાજ્યમાં માફિયાઓમાં ખળભળાટ મચી ગયો છે.

## પ્રમોશન અપગ્રેડેશનમાં બિનજરૂરી વિલંબ ન થાય તે રાજ્ય સરકારની ફરજ

# વહીવટી વિલંબના કારણે કર્મચારીને પગારના લાભથી વંચિત રાખી ન શકાય : હાઈકોર્ટ

### અરજદાર કર્મચારીઓ પાસેથી પાછલી અસરથી પગારની વસૂલાત ગેરકાયદેસર અને અયોગ્ય છે

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૪ ।

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી ડી. નાણાવટીએ એક સીમાચિહ્નરૂપ ચુકાદા દ્વારા રાજ્ય સરકારને વર્ક સપોર્ટ કેડરના સભ્યો (ક્લાર્ક, ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી વગેરે)ને તેમની વરિષ્ઠતાના આધારે પ્રમોશન આપવાનો નિર્દેશ આપ્યો છે. પગાર ધોરણનો લાભ આપવા સૂચના આપી હતી તે મુજબ બઢતી અને પગાર આપવાનો આદેશ આપ્યો છે.વધુમાં, હાઈકોર્ટે પણ પગાર ધોરણના ગોઠવણના અમલીકરણમાં વિલંબને કારણે મંજૂર પગારની વસૂલાત ગેરકાયદેસર ગણાવી હતી. હાઈકોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું



હતું કે વહીવટી વિલંબને કારણે કર્મચારીઓને તેમના વચનબદ્ધ પગારધોરણના લાભોથી વંચિત અથવા વંચિત કરી શકાય નહીંધન્યાયાધીશ વૈભવી ડી. નાણાવટીએ તેમના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અરજદાર કર્મચારીઓ પાસેથી પાછલી અસરથી પગારની વસૂલાત ગેરકાયદેસર અને અયોગ્ય છે. કાપ કરવાનો સરકારનો નિર્ણય વાજબી મહેનતાણું અને સેવાના કાર્યકાળ માટે વળતર અંગેના સરકારના ઠરાવોના ઉદ્દેશ્ય સાથે અસંગત છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને અરજદારોને તેમની સેવાના વર્ષો અનુસાર ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા અથવા ૯-૧૮-૨૭ વર્ષની યોજના અથવા ૧૨-૨૪ વર્ષની યોજના હેઠળનો લાભ આપવાનો નિર્દેશ આપ્યો હતો, જેવો કેસ બની શકે.હાઈકોર્ટે તેના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે નિયમિત પગાર અને પ્રમોશન અપગ્રેડેશનમાં બિનજરૂરી વિલંબ ન થાય તે રાજ્ય સરકારની ફરજ છે.

## આવાસ યોજનાઓમાં કૌભાંડો | સમગ્ર પ્રકરણમાં ઉચ્ચકક્ષાએથી તપાસ કરવામાં આવે તેવી પણ માગ ઉઠવા પામી

# નાનામવા પાસે ભીમનગર પીપીપી આવાસ યોજનાના ટેન્ડર રદ

। બ્યુરો,રાજકોટ,તા.૧૪ ।

પીપીપીએ રાજકોટ શહેરને સમૃદ્ધ બનાવવા ઝૂંપડપટ્ટીઓ દૂર કરી. કેન્દ્ર સરકારની પીપીપી ધોરણે આવાસ બનાવવાની યોજનાને પ્રોત્સાહન આપીને ઘણી જગ્યાએ પીપીપી ધોરણે આવાસ યોજના બનાવીને ઝૂંપડપટ્ટીઓ દૂર કરવામાં આવી રહી છે. પરંતુ આ પહેલા પણ કેટલીક આવાસ યોજનાઓમાં કૌભાંડોની ચર્ચા થઈ છે. નાનામવા પાસે ભીમનગર પીપીપી આવાસ યોજનાના ટેન્ડરમાં પણ આવું જ થયું છે.

વર્ષો પહેલા આ જગ્યાએથી ઝૂંપડપટ્ટીઓ હટાવી પીપીપી



પ્રતિકાત્મક તસ્વીર

ધોરણે મકાનો બનાવી બાકીની જગ્યા બિલ્ડરને ફાળવવામાં આવી હતી અને બાકીની જગ્યા બિલ્ડરને આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. આ જમીન માટે બાંધકામ કંપનીએ સૌથી વધુ ૧૦૩ કરોડનું ટેન્ડર ભર્યું હતું. પરંતુ વર્ષો પછી આ જગ્યાના ભાવ વધતાં શ્રીપ. કમિશનર ડી.પી. દેસાઈને વધુ ભાવ મળશે તેવું સમજીને આ ટેન્ડર જમીન પતાવટ સમિતિને સોંપવામાં આવ્યું હતું, જેનો અભ્યાસ કર્યા બાદ સમિતિએ જણાવ્યું હતું કે, એજન્સીએ આપેલી કિંમત ઘણી ઓછી છે, પરંતુ તે ટેન્ડર રદ કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. રદ કરવામાં આવી હતી.

કમિશનર વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, થોડા સમય પહેલા ભીમનગર પીપીપી આવાસ યોજનાના ટેન્ડરોમાં ક્યુબ કન્સ્ટ્રક્શન કંપનીએ સૌથી વધુ રૂ.૧૦૩ કરોડનું ટેન્ડર મેળવ્યું હતું, પરંતુ આ જમીનની કિંમત રૂ. ૫૦૦ થી ૬૦૦ કરોડ અને વિસ્તારમાં રહેતા લોકોનો વિરોધ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ડી.પી. દેસાઈએ પેન્ડિંગ ટેન્ડર જમીન સમાધાન સમિતિને તપાસ માટે મોકલ્યા હતા. પાલિકાના ટીપીઓ પંડ્યાની આગેવાની હેઠળની જમીન સમાધાન સમિતિએ બિડરોનો અભ્યાસ કર્યા બાદ જાણવા મળ્યું હતું કે હયાત જમીનની કિંમત વધુ છે. તેથી મ્યુનિસિપલ કમિશનર ટેન્ડર રદ કરીને ટેન્ડર પ્રક્રિયા નવેસરથી શરૂ કરવા રિપોર્ટ આપીને ટેન્ડર રદ કરશે.આ યોજના હાલ સ્થગિત કરી દેવામાં આવી છે.મહાનગરપાલિકાના પી.પી. વિભાગમાંથી પ્રાપ્ત વિગતો મુજબ ઈ.એસ. ૨૦૧૪, નાનામવા રોડ પર જયભીમનગરમાં પીપીપી આવાસ યોજના અમલમાં મૂકવાના પ્રયાસો હાથ ધરાયા છે.






CMYK

## ઉદ્યોગ સાહસિકતા, કળા, હસ્તકલા અને સંસ્કૃતિનું હબ એટલે કચ્છ રણોત્સવ

# કચ્છ રણોત્સવ ૨૦૨૪નો પ્રારંભ : ટેન્ટ સિટી, ૨૦થી વધારે એક્ટિવિટી, લાઇટ એન્ડ સાઉન્ડ શો બનશે આકર્ષણનું કેન્દ્ર

### માત્ર ૩ દિવસીય કાર્યક્રમથી શરુ થયેલો રણોત્સવ વિશ્વનો સૌથી લાંબો ઉત્સવ બન્યો, ૨૮ ફેબ્રુઆરી સુધી લાખો પ્રવાસીઓ રણના રંગો માણશે

| માહિતી બ્યુરો, ગાંધીનગર, તા.૧૪ |

ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ છેલ્લાં ૨૦ વર્ષમાં ખૂબ આગળ વધ્યો છે. ભૌગોલિક વિવિધતા ધરાવતા ગુજરાતમાં એવા અનેક સ્થળો આવેલા છે, જે વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષે છે. ખાસ તો, વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટા અને ભૂકંપ જેવી કુદરતી આફતમાંથી બેઠા થયેલા કચ્છ જિલ્લામાં આવેલા વિશ્વના એકમાત્ર સફેદ રણને જોવા માટે પ્રવાસીઓના ટોળેટોળાં ઉમટે છે. એક સમયે જે રણની ઓળખ એક ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે ચાર મહિના સુધી રણનો ઉત્સવ એટલે કે રણોત્સવ ઉજવાય છે. આ વર્ષે રણોત્સવની શરૂઆત થઈ ગઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ચાલશે. કચ્છની કળા, ભાતીગળ સંસ્કૃતિ,





મહેમાનગતિ, પરંપરા, સંગીતનો સંગમ ધરાવતા કચ્છ રણોત્સવને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે તેનો શ્રેય ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જાય છે. તેમણે ૨૦૦૫માં શરૂ કરેલા કચ્છ રણોત્સવથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને તો વેગ મળ્યો જ છે, સાથે તે અનેક લોકોના આર્થિક અને સામાજિક વિકાસનું પણ માધ્યમ બન્યું છે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગોઝારા ભૂકંપ બાદ કચ્છની તસ્વીર સંપૂર્ણપણે બદલવાનો દ્રઢ સંકલ્પ લીધો અને આ ભૂમિને પુનર્જીવિત કરવાના મિશનને સાકાર પણ કર્યું. આમાં કચ્છના સફેદ રણમાં શરુ થયેલા રણોત્સવે મહત્વનો ભાગ ભજવ્યો. તેમણે ચમકતા સફેદ રણની અનંત ક્ષિતિજો જોતાં આ જગ્યાએ વિશ્વનો સૌથી મોટો અને એકમાત્ર સફેદ રણનો ઉત્સવ- 'કચ્છ રણોત્સવ' ઉજવવાનું નક્કી કર્યું. ભુજથી ૮૦ કિમીના અંતરે આવેલા ધોરડો ખાતે ત્રણ દિવસીય રણોત્સવની શરૂઆત કરવામાં આવી હતી, જે આજે ૪ મહિનાનો લાંબો ઉત્સવ બની ચૂક્યો છે.

આ વર્ષે રણોત્સવના આયોજનમાં ટકાઉ પ્રવાસન (સસ્ટેનેબલ ટુરિઝમ) પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જેમ કે, પ્લાસ્ટિકનો લઘુત્તમ ઉપયોગ, સફેદ રણમાં જવા માટે બાઈસિકલ રાઈડ, ટેન્ટ સિટીમાં વેસ્ટ સેગ્રીગેશન અને ડિસ્પોઝલની વ્યવસ્થા કરવામાં આવી છે. રણોત્સવની સાથે-સાથે કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત પ્રવાસીઓ લઈ શકે તે માટે અલગ અલગ ટ્રાવેલ આઈટિનરી પણ ઉપલબ્ધ થશે.૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ પ્રવાસીઓએ રણોત્સવની મુલાકાત લીધી હતી.

## ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ૧,૦૦૦ કરોડના એમઓયુ થયા

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની ટેક ઈકો સિસ્ટમમાં નવું સીમાચિહ્ન ઉમેરતા રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે વૈશ્વિક અગ્રણી જેબિલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર એમઓયુ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત ટેકનોલોજી અને ઉદ્યોગોમાં નોંધપાત્ર પરિવર્તનનું વાહક બન્યું છે અને ડિજિટલ ઈનોવેશન માટે વૈશ્વિક હબ બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે. આ સંદર્ભમાં ભારત સેમિકન્ડક્ટર મિશન, ઈન્ડિયા એઆઈ મિશન, નેશનલ ક્વોન્ટમ મિશન જેવી અગ્રણી પહેલો સાથે છે આઈઓટી અને ૫ જી ટેકનોલોજી સાથે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગો મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા સજ્જ થયા છે. રાજ્યમાં જીએસઈએમ નોડલ અમલીકરણ એજન્સી તરીકે ઈલેક્ટ્રોનિક્સ સેગમેન્ટમાં રોકાણની સુવિધા માટે સહયોગ આપે છે.

## સંજેલીના નાયબ મામલતદાર ૫ હજારની લાંચ લેતા ઝડપાયા

| પ્રતિનિધિ, દાહોદ, તા.૧૪ |

રાજ્યમાં અવારનવાર સરકારી અધિકારીઓ લાંચ લેતા ઝડપાતા હોય છે. જો કે આ લાંચ લેતા અધિકારીઓને સિલસિલો યથાવત જ છે. દાહોદના સંજેલીના નાયબ મામલતદાર લાંચ લેતા ઝડપાયા છે. નાયબ મામલતદાર મેહુલ રાજપાલ લાંચ લેતા સકંજામાં છે.મામલતદારની સાથે સ્ટેમ્પ વેન્ડર મોહન બારીયા ઝડપાયો છે. ફરિયાદી પાસેથી દાખલા માટે ૫ હજારની લાંચ માગી હતી. બીજી તરફ આ અગાઉ વડોદરાના દંપતીને અમદાવાદના અદાણી સર્કલ પર દંપતિની ચેકિંગના નામે કાર અટકાવી પોલીસ કોન્સ્ટેબલે રોકડ ૧૨ હજાર રુપિયા,૪૦૦ અમેરિકન ડોલર તેમજ વિદેશી દારુની બોટલ પડાવી લીધી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.મળતી માહિતી અનુસાર આ ઘટના ૫મી નવેમ્બરના રોજ બની હતી.

## મિત્ર રૂમની રખેવાળી કરતો અને યુવકે દુષ્કર્મ આચર્યું : બદનામીના ડરથી યુવતીનો આપઘાત

| પ્રતિનિધિ, સુરત, તા.૧૪ |

સુરતના કાપોદ્રા વિસ્તારમાં યુવતીને આપઘાત કરવા મજબૂર કરનાર બે આરોપીની કાપોદ્રા પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ૯ નવેમ્બરના રોજ યુવતીએ તાપી નદીમાં ઝંપલાવીને આપઘાત કર્યો હતો. ત્યારબાદ પરિવારના સભ્યોએ યુવતીની હત્યા થઈ હોવા બાબતે આક્ષેપ કર્યો હતો. આ સમગ્ર મામલે પોલીસે તપાસ કરતા કાના પરમાર નામનો યુવક યુવતીને પોતાની સાથે સંબંધ રાખવા ધાક ધમકી આપી દુષ્કર્મ આચારતો હોવાનું સામે આવ્યું હતું. હાલ પોલીસે કાના પરમાર સહિત બે લોકોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.૯ નવેમ્બર ૨૦૨૪ના રોજ સુરત શહેર પોલીસ કંટ્રોલરૂમથી કાપોદ્રા પોલીસ સ્ટેશનને વાયરલેસ મેસેજ મળ્યો હતો કે,નપી પી સવાણી હોસ્પિટલ સિધ્ધકુટિર મંદિર તાપી નદીના પાણીમાંથી એક મહિલાની લાશ લોકોને જોવા મળી છે. આ માહિતી મળતાની સાથે જ કાપોદ્રા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસે મહિલાની લાશનો કબજો લઈને તપાસ હાથ ધરી હતી.પોલીસ દ્વારા સમગ્ર મામલે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી અને આ ઘટના બાદ યુવતીના પરિવારના સભ્યો કાપોદ્રા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને યુવતીની હત્યા થઈ હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

## મિનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ ચરિતાર્થ કરતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

# જમીનની વેલ્યુએશન આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરી કલેક્ટર આપી શકશે

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા. ૧૪ |

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ત્વરિતતા લાવવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યમાં પ્રવર્તમાન નિયમાનુસાર જે જમીનોનું વેલ્યુએશન ૫૦ લાખ રૂપિયાથી વધુ હોય તેવા કિસ્સામાં બોનાફાઈડ પરચેઝરે રાજ્ય કક્ષાએથી ફરજિયાત મંજૂરી લેવી પડે છે. આવા પરચેઝર્સની અરજીની વધુ સંખ્યા તેમજ તેના પરિણામે મંજૂરી પ્રક્રિયામાં વિવિધ તબક્કે અરજીઓની વિચારણામાં વ્યતીત થતો



સમય નિવારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સત્તા વિકેન્દ્રીકરણના હેતુસર મહત્વનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સને ચરિતાર્થ કરવા જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર કરવાનો આ નિર્ણય કર્યો છે. તદઅનુસાર, મહેસુલ વિભાગના તા.૧૭/૦૩/૨૦૧૭ના ઠરાવ મુજબ બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની હાલની સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના વેલ્યુએશન ઉપર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તાઓ જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ લોકાભિમુખ નિર્ણયને પરિણામે બોનાફાઈડ પરચેઝર્સની અરજીઓનો ઝડપથી નિકાલ થતાં સમગ્ર કાર્યવાહી વધુ વેગવંતી બનશે અને પરિણામે વિકાસ પ્રક્રિયાને પણ વેગ મળશે

## મહેસાણામાં અકસ્માતમાં યુવકના મોતથી હાજર રહેલા લોકો ઉશ્કેરાયા

| પ્રતિનિધિ, મહેસાણા, તા.૧૪ |

મહેસાણાના ભાન્ડુમાં એક અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પરની અડફેટે એક યુવાનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ત્યાં હાજર ટોળું ઉશ્કેરાઈ ગયું અને બબાલ કરી હતી. જેમાં તોડફોડ અને આગ ચંપની ઘટના સામે આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ભાન્ડુ વિસ્તારમાં ડમ્પરે એક યુવાનને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો, જેના કારણે યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માતમાં યુવકની મોતથી ત્યાં હાજર લોકો રોષે ભરાયા હતાં અને ડમ્પર ચાલક સાથે બબાલ શરૂ કરી દીધી હતી. યુવકના મોત બાદ મામલો એટલો વધી ગયો કે, ત્યાં હાજર લોકો હિંસા પર ઉતરી આવ્યા હતાં. ઉશ્કેરાયેલા ટોળાએ ત્યાં હાજ ટ્રેક્ટર અને બે બાઈકને આગ લગાવી સળગાવી દીધી હતી. આ સિવાય ત્યાં હાજર અન્ય વાહનોને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

## સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ કરનારા આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ |

ગાંધીનગરના પેથાપુર પોલીસ મથકની હદ વિસ્તારમાં રહેતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી રાંધેજાનાં પ્રેમીએ ઘરે લઈ જઈ શારીરિક સંબંધો બાંધી અશ્લીલ વીડિયો – ફોટા વાઈરલ કરવાની ધમકીઓ આપી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. જે ગુનામાં ગાંધીનગરની પોક્સો કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની સખત કેદની સજા તેમજ ૨૦ હજારનો દંડ ફટકાર્યો છે. ગાંધીનગરના રાંધેજા ગામ ભીમનાથ મહાદેવ મંદિર આગળ રહેતા સુનીલ ઉર્ફે સંજય રજુજી ગાભાજી ઠાકોરે પેથાપુર પોલીસ મથકની હદ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને પ્રેમના પાઠ ભણાવ્યા હતા. બાદમાં વર્ષ ૨૦૧૯થી જુલાઈ ૨૦૨૨ દરમિયાન સગીરાને છાસવારે પોતાના ઘરે લઈ જઈ એકલતાનો લાભ ઉઠાવી સુનીલ ઠાકોર દેહ ચૂંથતો રહ્યો હતો.




### ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો

# ૧૯ દર્દીઓના જરૂર ન હોવા છતાં ઓપરેશન કરાયાનો ધડાકો, બે ડોક્ટરની ધરપકડ

**ખ્યાતિ હોસ્પિટલની ઘટનામાં બે દર્દીઓના મોત મામલે કડી પોલીસ સ્ટેશનમાં પણ બે ગુના નોંધાયા**

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૪ ।

અમદાવાદમાં એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ હોસ્પિટલે કડી તાલુકાના બોરીસણા ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરીને ૧૯ દર્દીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવાર લેવા જણાવ્યું હતું અને ૧૭ દર્દીઓની એન્જિયોગ્રાફી કરી હતી અને બે દર્દીઓમાં સ્ટેન્ટ લગાવ્યા હતા. જેમાં દર્દીઓના મોતને લઈને સંપૂર્ણ હોબાળો મચી ગયો હતો. આ તપાસમાં રાજ્યના આરોગ્ય વિભાગે એક વિશેષ સમિતિની રચના કરતાં ચોંકાવનારી હકીકતો સામે આવી છે, જેમાં દરેકને કોઈ ચોક્કસ રોગ ન હોવા છતાં ઓપરેશન કરવામાં આવ્યું હતું અને પીએમજેએવાય હેઠળ નાણાકીય લાભ મેળવવા માટે ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી.




સોલા સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન ડૉ.પ્રકાશ મહેતાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં બહુચર્ચિત હૉસ્પિટલ કૌભાંડ સંદર્ભે ફરિયાદ નોંધાવી છે કે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ડૉ.પ્રકાશ મહેતા સિવાય અન્ય ડૉક્ટરોની એક ટીમ આ બાબતની તપાસ માટે તૈયાર કરવામાં આવી હતી. ટીમના સભ્યોએ પ્રખ્યાત હોસ્પિટલમાં દાખલ દર્દીઓના રિપોર્ટની તપાસ કરી, જેમાં ચોંકાવનારી હકીકતો પ્રકાશમાં આવી હતી કે ૧૯ દર્દીઓમાંથી કોઈને પણ એન્જિયોપ્લાસ્ટી અને એન્જીયોગ્રાફીની જરૂર નથી, તેમ છતાં તે તમામને પીએમજેએવાય દ્વારા અન્યાયી આર્થિક લાભ મેળવવા માટે સારવાર આપવામાં આવી હતી. જેમાં મૃતક દર્દી મહેશ બારોટના રિપોર્ટની તપાસ કરતાં એન્જિયોપ્લાસ્ટીનું કોઈ કારણ ન હોવાનું અને ઓપરેશન દરમિયાન કોઈ તકેદારી રાખવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે અન્ય મૃતક દર્દી નાગરભાઈ સેનમાના રિપોર્ટમાં સીપીઆર સારવારના ડેટામાં ચેડાં કરવામાં આવ્યા હતા અને ઓપરેશન સમયે કાર્ડિયોલોજિસ્ટની હાજરી પણ નોંધવામાં આવી ન હતી.આમ, બંને કિસ્સામાં યોજના દ્વારા અન્યાયી નાણાકીય લાભ લેવાનો દૂષિત ઈરાદો સ્પષ્ટ થયો હતો. આ અંગે હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ.પ્રશાંત વજીરાની, ડૉ. કાર્તિક પટેલ, ડૉ. વસ્ત્રાપુર પોલીસે સંજય પટોલિયા, રાજશ્રી કોઠારી અને સીઈઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૫, ૧૧૦, ૩૩૬(૩), ૩૧૮ અને ૬૧ હેઠળ ફરિયાદ નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. આ અંગે મૃતકના પરિજનોએ કડી પ ોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતીખ્યાતિની ઘટનામાં વસ્ત્રાપ ુર પોલીસે દિવસ દરમિયાન કોઈ ફરિયાદ નોંધાઈ ન હોવાના કારણે બંને મૃતકના સંબંધીઓએ કડી પ ોલીસ સ્ટેશનમાં ઝીરો નંબરથી બે ફરિયાદ નોંધાવ્યા બાદ કુલ પાંચ લોકો સામે ગુનો નોંધ્યો છે.

---

### દાગીના દિવાલમાં ચણી દીધા, ડીવીઆર નદીમાં ફેંકી દીધું

## સુરતમાં ભાઈએ સગી બહેનના ઘરનું જ તાળુ તોડી ૫.33 લાખની ચોરી કરી

। પ્રતિનિધિ,સુરત, તા.૧૪ ।

સુરતમાં ભાઈએ સગી બહેનના ઘરનું જ તાળુ તોડીને ૫.૩૩ લાખની મતા ચોરી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. એક્ટિવા લેવા માટે બનેવી પાસે સાળાએ રૂપિયા માગ્યા હતા પણ બનેવીએ આપ્યા નહતાં. એટલે સાળાએ બહેન-બનેવીનો પરિવાર દિવાળીની રજામાં બહારગામ ગયો હતો ત્યારે દરવાજાનું તાળુ તોડી રોકડ, દાગીના અને સીસીકેમેરાનું ડીવીઆર મળી ૫.૩૩ લાખની મતા ચોરી કરી હતી. જોકે, પોલીસની પહોંચથી બચી શક્યો નહતો. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ આ ઘરફોડ ચોરી અંગે અમૃતભાઈ ભંડારીએ ફરિયાદ નોંધાવી હતી. ઉમરા પોલીસે આ ગુનામાં તેમના સાળા જયકુમાર સુરેશભાઈ ભંડારીને ઝડપી પાડ્યો હતો. તેની બારીકાઈથી પુછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે તેની સગી બહેન બનેવીના ઘરમાં તેણે જ ચોરી કરી હતી. પોલીસ પાસે કબૂલાત કરતાં સાળા જય ભંડારીએ કબૂલ્યુ હતું કે, મારા બહેન-બનેવી આર્થિક રીતે સધ્ધર છે અને બનેવી અમૃતભાઈ ભંડારી વેલેન્ટાઈન સિનેમા પાસે આવેલા સાંઈબાબાના મંદિરમાં પ ુજારી અને ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. તેમણે મને મંદિરમાં સેવા કરવા માટે માસિક જમવા માટેનું રાશન ઉપરાંત પાંચ હજાર રૂપિયાના પગારે નોકરી ઉપર રાખ્યો હતો.

## કેનેડા દેશના વર્ક વિઝા અપ ાવવાના નામે છેતરપિંડી

। પ્રતિનિધિ,અમદાવાાદ, તા.૧૪।

શહેરના મકરબા વિસ્તારમાં ઈમિગ્રેશનની ઓફિસ શરૂ કરીને કેનેડામાં સલૂનને લગતી નોકરી માટે વર્ક પરમીટ વિઝા અપાવવાનું કહીને ત્રણ લોકોએ મહિલા સાથે છેતરપિંડી આચરી છે. આરોપ ીઓએ મહિલાના ચાર લાખ મેળવી લીધા હતા અને સાથે સાથે સિક્યોરિટી પેટે ચાર લાખનો ચેક મેળવી બારોબાર વટાવી લીધો હતો. બીજીતરફ આરોપ ીઓએ ૧૦ લાખનો ચેક બાઉન્સ કરાવી ૨૦ લાખનો ચેક સિક્યોરિટી પેટે લઈને છેતરપિંડી આચરી હતી. આ મામલે સરખેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સાથે જ પોલીસને શંકા છે કે આરોપીઓએ અન્ય શહેરો કે રાજ્યોમાં પણ લોકો સાથે આ પ્રકારે છેતરપિંડી આચરી હોઈ શકે છે. સાઉથ બોપલમાં રહેતા પારૂલબેન રાણા બોપલમાં સલૂન ધરાવે છે. ગત માર્ચ ૨૦૨૩માં સલૂન પર નીતિન પાટીલ અને વિજયાબેન સાવલે આવ્યા હતા.








## તંત્રી લેખ...

# ઝારખંડમાં ઝડપથી બદલાતી જનસંખ્યા

આદિવાસી સમાજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતી મનાવવાની તૈયારી કરી રહ્યો છે. ૧૮૭૫માં ૧૫ નવેમ્બરે ઝારખંડમાં 'ધરતી આબા' એટલેકે ભગવાન બિરસા મુંડાનો જન્મ થયો હતો. જનજાતિ અસ્મિતા, સ્વાયત્તતા અને સંસ્કૃતિ તથા વૈષ્ણવ ધર્મની રક્ષા માટે બલિદાન થનારા ભગવાન બિરસા મુંડાના સંઘર્ષની સત્યતાથી જનજાતિ સમાજને અવગત કરાવવાનો આ યોગ્ય અવસર છે. ભારતમાં બર્બર ઈસ્લામિક આક્રાંતાઓ વિશે જે કંઈ લખવામાં-કહેવામાં આવે છે, તે વિદેશથી આયાતિત ઈસ્લામ, ઈસાઈયત અને વામપંથનું અડધું જ સત્ય છે. એ સમજવાની જરૂર છે કે ઈસાઈ મિશનરીઓ પણ હિંદુઓ અને આદિવાસીઓ વિરુદ્ધ ષડયંત્ર કરતી રહી છે અને આજે પણ કરી રહી છે. થોડા સમય પહેલાં મિઝોરમના મુખ્યમંત્રીના અમેરિકામાં આપવામાં આવેલ નિવેદનથી એવું પ્રતીત થાય છે કે ઈસાઈ મિશનરીઓ પણ દેશનું વિભાજન કરવા માગે છે.ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પહેલાં વેપાર અને પછી છળકપટથી ભારતમાં રાજ્ય વિસ્તારના નામે અહીંના જમીનદારોને આગળ રાખીને લૂંટ શરૂ કરી. આ લૂંટનો વિરોધ કરનારાઓને ચાર રસ્તે કોરડા ફટકારવા, ફાંસી પર લટકાવવા અને મંદિરો તોડવા જેવાં કૃત્યો કરવામાં આવ્યાં. બાબા તિલકા માંઝીને માઈલો સુધી ઘસડતાં લોહીમાં ડૂબેલા તેમના શરીરને ઝાડ પર લટકાવી ખુલ્લેઆમ ફાંસી આપવી તેનું ઉદાહરણ છે. ૨૩ જૂન, ૧૭૫૭ના પ્લાસી યુદ્ધ બાદ અંગ્રેજોનું તત્કાલીન બંગાળ પર નિયંત્રણ થઈ ગયું, જેમાં આજના બિહાર, ઓડિશા તથા ઝારખંડ સામેલ હતા. પછી ૧૭૬૫માં અંગ્રેજોએ તેનો દીવાની અધિકાર પ્રાપ્ત કરી લીધો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તીર્થયાત્રીઓ પર પ્રતિબંધ લગાવી દીધો. તેના વિરુદ્ધ શરૂ થયેલ સંઘર્ષને 'સંન્યાસી વિદ્રોહ' કહેવામાં આવે છે. આ સંઘર્ષનું કેન્દ્ર બિહારનું પૂર્ણિયા હતું. તે આંદોલન લગભગ ચાર દાયકા સુધી ચાલ્યું. બાદમાં ૧૭૭૧થી ૧૭૮૪ સુધી બ્રિટિશ સત્તા વિરુદ્ધ સંઘર્ષ છેડનારા 'જબરા પહાડિયા' ઉર્ફે બાબા તિલકા માંઝીને પ્રથમ સ્વતંત્રતા સંગ્રામના પહેલા સેનાનીના નામે ઓળખવામાં આવે છે. આજની પેઢીને કદાચ જ એમના વિશે જાણકારી હશે. ૧૮૫૭ પહેલાં ૧૮૫૩માં સિદ્ધુ મુર્મુ અને કાન્હુ મુર્મુએ જંગલ તરાઈમાં બ્રિટિશ શાસનના દમન અને શોષણ વિરુદ્ધ 'કરો યા મરો - અંગ્રેજો અમારી માટી છોડો' મહાસંગ્રામ ચાલુ કર્યો હતો, જેને આજે સંતાલ પરગણા કહેવામાં આવે છે. આ મહાસંગ્રામ ઈસાઈ મિશનરીઓ વિરુદ્ધ પણ હતો, જે આદિવાસી સમાજની સંસ્કૃતિને બદલવાનું કામ પણ કરી રહી હતી.

## થોડું હટકે...

### અમારે જાવું ક્યાં ?



વન વગડા અને ખેતરો આજે સિમેન્ટના જંગલો બની રહ્યા છે. શહેરીકરણ કેટલી ઝડપથી વધી રહ્યું છે અને એની અસર જનજીવન પર કેવી રીતે પડી રહી છે એનો ખ્યાલ આ તસવીરમાંથી આવે છે. ના, આ તસવીર કોઈ ગ્રામ્ય વિસ્તારમાં લીધેલી નથી. આ તસવીર અમદાવાદ જેવા વિશાળ શોપિંગ સેન્ટર,મોલ, મલ્ટિપ્લેક્સ, હાઈરાઈઝ અને હાઈફાઈ રહેણાંક વિસ્તારો અને પોશ કલબો ધરાવતા અમદાવાદ શહેરની છે. જે રીતે આજકાલ અનેક ગ્રામ્ય વિસ્તારો શહેરમાં ભળવા લાગ્યા છે એમાં સાથે સાથે ગામના ગોચરની જમીન, ખેતરો અને તળાવો પણ ભળતા જાય છે એટલે ખુલ્લા ખેતરોમાં, અને વગડામાં રખડતાં રોઝડા જેવા જીવો પણ શહેરની ગલીઓમાં માનવ વસ્તીની વચ્ચે ફરતા થઈ ગયા છે. જે રીતે માણસોએ વન વગડા અને ખેતરોમાં કોંક્રિટનું જંગલ બનાવી દીધું છે એના કારણે સસલાં, સાપ, જંગલી ડુક્કર, શિયાળ અને નીલગાય, રોઝડાના ઝુંડ પણ ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં રઝળતાં જોવા મળે છે. ગાય કે કૂતરા માટે બનાવેલી ચાટ સુધી આ વગડાના જાનવર પહોંચી જાય છેપ જાણે, આ જાનવરો પોતાના ઘરબાર છીનવાઈ જવાથી માણસજાત સામે પોતાનો વિરોધ દર્શાવવા આવ્યા હોય એમ જ.

**વસંત મહેતા** (વરિષ્ઠ પત્રકાર)

---



વાંચન વિશેષ

લેખક : ફાલ્ગુની વસાવડા


**આજે કારતક સુદ પૂર્ણિમા જેને આપણે દેવ દિવાળી તરીકે ઓળખીએ છીએ.**

**સતયુગથી શરૂ કરીને આજે એટલે કે કળિયુગ સુધી આવા ઉતાર ચઢાવનો દોર જોઈ શકાય છે, અને એવું પણ નથી કે દેવને શાંતિ હતી. દેવને પણ પોતાનું સામ્રાજ્ય બચાવવા માટે બહુ જ મહેનત કરવી પડતી હતી.**

# કાર્તિકી પૂર્ણિમાએ સ્વર્ગને બચાવવા ભગવાન શિવ એ ત્રિપુરાસુરનો વધ કર્યો

**કાળ ચક્રના પૈડાંનું એટલે કે જીવનની ગતિ વિધિઓનું શાંત રીતે નિરીક્ષણ કરવામાં આવે તો એમાં ઉતાર ચઢાવના મોડ આવતાં જ રહેતાં હોય છે**

આજે કારતક સુદ પૂર્ણિમા જેને આપણે દેવ દિવાળી તરીકે ઓળખીએ છીએ. આપણે પુરાણો પરથી એવી કેટલીયે દંતકથાઓ સાંભળી હશે, વાંચી હશે, કે કોઈને મોઢે સાંભળી હશે, અને એમાં બંનેમાં જે ચડિયાતું પાત્ર હોય, એને દેવ કહેવાય અને વિકૃત કે હલકું પાત્ર હોય એને દાનવ કહેવાય. દિવાળી એટલે જીવન સંબંધોને સંવારવાનો અવસર અને દેવ દિવાળી એટલે ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું જતન કરવાનો અવસર એવું ચિંતન કરી શકાય. કાળ ચક્રના પૈડાંનું એટલે કે જીવનની ગતિવિધિઓનું શાંત રીતે નિરીક્ષણ કરવામાં આવે તો એમાં ઉતાર ચઢાવના મોડ આવતાં જ રહેતાં હોય છે, અને આ કંઈ આજનાં સમયની વાત નથી. સતયુગથી શરૂ કરીને આજે એટલે કે કળિયુગ સુધી આવા ઉતાર ચઢાવનો દોર જોઈ શકાય છે, અને એવું પણ નથી કે દેવને શાંતિ હતી. દેવને પણ પોતાનું સામ્રાજ્ય બચાવવા માટે બહુ જ મહેનત કરવી પડતી



હતી. કારણ કે શક્તિશાળી દાનવો ( બુરાઈ ) એ સમયે પણ દેવનાં (અચ્છાઈ) અસ્તિત્વને જોખમમાં મૂકી શકે તેમ હતા. જોકે દેવ દાનવ એ કદાચ પહેલાંનાં સમયની શ્રેણી હતી, એટલે આપણે એને દંતકથા રૂપે જોઈએ છીએ, પરંતુ આજે પણ સમાજમાં એ જ રીતે સજ્જન કે વૈષ્ણવો કે પછી સાધુ પુરુષ વ્યક્તિત્વ જોવા મળે છે, જેના જીવન વિશે જાણીએ તો આપણને દેવ કરતાં પણ વધુ આકરી આકરી પરિસ્થિતિ માંથી પસાર થયાનું જાણવા મળે છે. દેવ દિવાળી સાથે પણ આવી એક દેવ દાનવની દંતકથા જોડાયેલી છે એને વિશે વાત કરીશું.પૌરાણિક કથા અનુસાર ત્રિપુરાસુર નામનો એક બહુ જ શક્તિશાળી રાક્ષસ હતો, તે ખુબ જ તપ કરતો હતો. તેની તપની વિધા જોઈને દેવો સમજી ગયા, કે આ કોઈ સામાન્ય તપ કરતો નથી, અને જે ત્રણે લોકનું અહિત કરવા તપ કરી રહ્યો છે, માટે તેમણે તેનું તપ ભંગ કરવા માટે અપ્સરાઓને મોકલી, પરંતુ તે અપ્સરાઓ પણ તપ તોડી ન શકી. તે કામ, ક્રોધ, કે રૂપને વશ થયો નહીં. અને તેણે પોતાનું એ તપ ચાલુ રાખ્યું, અને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા, અને અમરતાનું વરદાન માંગ્યું. બ્રહ્માજીએ તેને કહ્યું કે શરીર છે માટે મૃત્યુ પણ અનિવાર્ય છે, તોય અન્ય વરદાન માંગી લે ત્યારે તેણે કોઈ દેવથી ન મરું, કોઈ રાક્ષસથી ન મરું! કોઈ સ્ત્રીથી ન મરું! કે કોઈ રોગથી ન મરું! એવું વરદાન માંગ્યું, અને બ્રહ્માજી તથાસ્તુ કહીને ચાલ્યા ગયા. ત્રિપુરાસુર એ સમગ્ર પૃથ્વી પર ત્રાસ ફેલાવવાનું શરુ કર્યું, અને અન્ય રાક્ષસો પણ તેની સાથે જોડાયા. તેમણે રાક્ષસોને કહ્યું કે દેવતાઓ પાસેથી સ્વર્ગ છીનવી લેવાનું છે, અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ પણ લઈ લેવાની છે, જો કોઈ ન માને તો તેને મોતને ઘાટ ઉતારી દો. દેવ દાનવનું ભયંકર યુદ્ધ થયું, અને દેવતાઓને સ્વર્ગ છોડવું પડયું. લગભગ દેવતાઓને એવું લાગ્યું કે, આપણે હવે હારી જઈશું, અને જો આ ત્રિપુરાસુર સ્વર્ગ પર કબજો કરી લેશે તો આપણે ક્યાં જઈશુ? આથી તેઓ બધા શંકરને શરણે જાય છે. ત્રિપુરાસુર ત્યાં પણ પહોંચી જાય છે, અને યુદ્ધ માટે લલકારે છે. બ્રહ્મા, નારદ, અને ઈન્દ્ર, ભગવાન શિવને પ્રાર્થના કરે છે, કે હવે તમે જ આનો કોઈ ઉપાય શોધો. ભગવાન શંકર ત્રિપુરાસુરને એક જ બાણ મારે છે, અને તેનું મૃત્યુ થાય છે, તેથી દેવો પોતાના વિજય માટે કે સ્વર્ગ બચી ગયું એમ કરીને હર્ષોલ્લાસથી નાચવા લાગે છે, અને આ દિવસે કારતકી પૂર્ણિમા હતો, એટલે એ દિવસથી આ તહેવાર ઉજવવામાં આવે છે. એને દેવ દિવાળી કે ત્રિપુરારી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે.આપણી દિવાળીની જેમ જ પ્રબોધિની એકાદશી કે તુલસી વિવાહથી શરૂ કરીને કારતકી પૂર્ણિમા સુધી દેવ દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે. લગ્નનો પ્રસંગ પાંચ દિવસનો હોય એ રીતે પૂર્ણિમાને દિવસે તુલસી વિવાહની સમાપ્તિ થાય છે. પરંતુ પ્રબોધિની એકાદશીના દિવસે ચિંતનમાં આપણે જોયું કે જલંધર નામનાં એક અસુરના ત્રાસથી બચવા દેવોએ વિષ્ણુને વિનંતી કરી અને આમ એક શક્તિશાળી અસુરને યુદ્ધમાં છેતરપિંડી કરીને મોતને ઘાટ ઉતાર્યો હતો.

---

વિશેષ

**IFFI ૨૦૨૪ એ માત્ર તેના પોતાના ઉત્ક્રાંતિમાં જ નહીં, પરંતુ એક વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ તરીકે આગળ વધવાનું એક સાહસિક પગલું છે**

**આ વર્ષનો મહોત્સવ માત્ર એક ફિલ્મના પ્રદર્શન કરતાં વિશેષ હોવાનું વચન આપે છે; તે વૈશ્વિક સંસ્કૃતિઓનો સમન્વય છે, ઉભરતા અવાજો માટે એક લોન્ચપેડ છે અને ભારતના સિનેમેટિક વારસાને અગાધ શ્રદ્ધાંજલિ છે.**

# ૫૫મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા: બ્રિજિંગ કલ્ચર્સ, ઓનરિંગ લિજેન્ડ્સ, શેપિંગ ટુમોરો

**આ વર્ષના મહોત્સવમાં ભારતીય સિનેમાના ચાર મહાન કલાકારો રાજ કપૂર, તપન સિંહા, અક્કીનેની નાગેશ્વર રાવ (એએનઆર) અને મોહમ્મદ રફીને પણ શ્રદ્ધાંજલિ આપે છે.**

૫૫મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (આઈએફએફઆઈ) ૨૦થી ૨૮ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન ગોવાના મનોહર દરિયાકિનારા પર સિનેમેટિક ઉજવણીની નવી લહેર લાવવા માટે તૈયાર છે. આ વર્ષનો મહોત્સવ માત્ર એક ફિલ્મના પ્રદર્શન કરતાં વિશેષ હોવાનું વચન આપે છે; તે વૈશ્વિક સંસ્કૃતિઓનો સમન્વય છે, ઉભરતા અવાજો માટે એક લોન્ચપેડ છે અને ભારતના સિનેમેટિક વારસાને અગાધ શ્રદ્ધાંજલિ છે. IFFI ૨૦૨૪ એ માત્ર તેના પોતાના ઉત્ક્રાંતિમાં જ નહીં, પરંતુ એક વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ તરીકે આગળ વધવાનું એક સાહસિક પગલું છે, જે વૈશ્વિક મંચ પર ભારતની જીવંત સંસ્કૃતિ અને સિનેમાની કળા બંનેને ઉજવે છે.

આ વર્ષે, IFFI ઓસ્ટ્રેલિયાને તેના "કન્ટ્રી ઓફ ફોકસ" તરીકે સ્પોટલાઈટ કરે છે, જે સંસ્કૃતિને જોડવા અને આંતરરાષ્ટ્રીય સમજણને પ્રોત્સાહન




આપવા માટે ફેસ્ટિવલની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. આ વિભાગ ભારતીય પ્રેક્ષકોને ઓસ્ટ્રેલિયન સિનેમાના હાર્દમાં ડૂબકી મારવા આમંત્રણ આપે છે, જેમાં કઠોર નાટકોથી માંડીને સાહસિક કોમેડી અને પ્રતિબિંબિત દસ્તાવેજી ફિલ્મો સુધીની ફિલ્મોની ક્યુરેટેડ પસંદગી કરવામાં આવી છે. આ કેન્દ્રિત લેન્સ મારફતે પ્રેક્ષકો ઓસ્ટ્રેલિયાની વિશિષ્ટ અને વિકસિત સિનેમેટિક ભાષાનો અનુભવ કરશે, જે IFFIને ક્રોસ-કલ્ચરલ પ્રશંસા અને સંવાદ માટે એક શક્તિશાળી પ્લેટફોર્મ બનાવશે. આમ કરવામાં, IFFI ૨૦૨૪ પરંપરાગત ફિલ્મ સ્ક્રિનિંગથી આગળ વધીને એક એવો અનુભવ પ્રદાન કરશે મહોત્સવને વિશ્વની વાર્તાઓ, લોકો અને સંસ્કૃતિઓ વચ્ચેના સેતુ તરીકે સ્થાપિત કરશે.

IFFI ૨૦૨૪નો સૌથી નવો પુરસ્કાર, "બેસ્ટ ડેબ્યૂ ડિરેક્ટર ઓફ ઈન્ડિયન ફિચર ફિલ્મ" એવોર્ડ, ભારતીય ફિલ્મ નિર્માતાઓની આગામી પેઢી પર પ્રકાશ પાડે છે. આ એવોર્ડ માત્ર એક માન્યતા નથી; આ એક યુવાન દિગ્દર્શકની કારકિર્દીની મહત્વપૂર્ણ ક્ષણ છે, જે ભારતીય સિનેમામાં નવા દ્રષ્ટિકોણ માટેનો માર્ગ દર્શાવે છે. આ કેટેગરીને પ્રથમ વખતના ડિરેક્ટર્સને સમર્પિત કરીને, IFFI નવીન અવાજોને પોષવાની અને વધુને વધુ સ્પર્ધાત્મક ઉદ્યોગમાં દૃશ્યતા પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે તેની પ્રતિબદ્ધતાનો સંકેત આપે છે. જ્યારે કે ઘણા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ સ્થાપિત પ્રતિભાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે IFFI દ્વારા નવોદિત ફિલ્મ નિર્માતાઓને માન્યતા આપવાથી વિકાસને પ્રોત્સાહન આપવા અને ભારતીય સિનેમાના ભવિષ્યને અપનાવવા માટેના તેના સમર્પણને દર્શાવે છે.

આ વર્ષના મહોત્સવમાં ભારતીય સિનેમાના ચાર મહાન કલાકારો રાજ કપૂર, તપન સિંહા, અક્કીનેની નાગેશ્વર રાવ (એએનઆર) અને મોહમ્મદ રફીને પણ શ્રદ્ધાંજલિ આપે છે. આ દિગ્ગજોએ ભારતના સિનેમેટિક વારસાને આકાર આપ્યો અને પેઢીઓથી પ્રેક્ષકોના હૃદય પર કબજો જમાવી રાખ્યો. પુનઃસ્થાપિત ક્લાસિક અને ખાસ રીતે ક્યુરેટેડ પ્રસ્તુતિઓ રજૂ કરીને, આઈએફએફઆઈ નવી પેઢી માટે તેમની કલાત્મકતાને જીવંત બનાવે છે અને આંતરરાષ્ટ્રીય ઉપસ્થિતોને ભારતના સમૃદ્ધ સિનેમેટિક ઈતિહાસની અર્થપૂર્ણ ઝલક પ્રદાન કરે છે. આ શ્રદ્ધાંજલિ ભારતીય સિનેમાની ઊંડાઈ, સંસ્કૃતિ પર તેની પરિવર્તનશીલ અસર અને આ ટ્રેઈલબ્લેઝર્સની કાયમી સુસંગતતાની યાદ અપાવે છે.

IFFIનું ફિલ્મ બજાર, જે હવે તેના ૧૮માં વર્ષમાં છે, તે એક ગતિશીલ બજાર તરીકે ઊભું છે, જે ફિલ્મ નિર્માતાઓ, ફાઈનાન્સર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ અને આંતરરાષ્ટ્રીય ઉદ્યોગના અગ્રણીઓને એકસાથે લાવે છે. તેના વ્યુઈંગ રૂમમાં ૨૦૦થી વધુ ફિલ્મો દર્શાવવામાં આવી છે, ફિલ્મ બાઝાર એ છે જ્યાં વાર્તાઓને રોકાણકારો મળે છે, ફિલ્મો વિતરકો સાથે જોડાય છે, અને સહયોગનો જન્મ થાય છે.

**(લેખક ડીએફએફના ભૂતપૂર્વ એડિશનલ ડીજી, અને આઇએફએફઆઇના ફેસ્ટિવલ ડિરેક્ટર છે)**

---

# ઘણી ચીજોથી મેલ ફર્ટિલિટીને ભારે નુકસાન કરી રહી છે

**૩૦ વર્ષ પહેલા એક ભારતીય પુરૂષમાં એક મિલીલીટર સીમનમાં ૬૦ મિલિયન સ્પર્મ રહેતા હતા જે હવે ઘટીને ૨૦ મિલિયન પર મિલીલીટર**

શું તમે જાણો છે કે આપની બદલાઈ રહેલી લાઈફસ્ટાઈલ અને ખાવા પીવાની ટેવના કારણે આપની ફર્ટિલિટી પર પ્રતિકુળ અસર થઈ રહી છે. હાલના દિવસોમાં સ્પર્મ કાઉન્ટમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે. જે ચિંતાજનક બાબત છે. આ ઘટાડો માત્ર ભારતમાં જ નહીં બલ્કે વૈશ્વિક સ્તર પર જોઈ શકાય છે. એમ્સના તબીબના કહેવા મુજબ ૩૦ વર્ષ પહેલા એક ભારતીય પુરૂષમાં એક મિલીલીટર સીમનમાં ૬૦ મિલિયન સ્પર્મ રહેતા હતા. પરંતુ હવે આ સંખ્યા ઘટીને ૨૦ મિલિયન પ્રતિ મીલીલીટર છે. આના માટે કેટલીક ચીજ વસ્તુઓ જવાબદાર છે. જેમાં એક વાયુ પ્રદુષણ પણ છે.

આ ઉપરાંત ખતરનાક કેમિકલ્સ અને પેસ્ટિસાઈડ્સનો વધતો જતો ઉપયોગ પણ છે. જેના કારણે સ્પર્મની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. જો કે સૌથી વધારે અસર બદલાઈ રહેલી લાઈફસ્ટાઈલની છે. સ્મોકિંગ, ટેન્શન, ગેજેટ્સના ઉપયોગ, કલાકો સુધી કામ કરવાની બાબત અને સ્થુળતા જેવા કેટલાક એવા પરિબળો છે જેના કારણે સ્પર્મ કાઉન્ટ માત્ર ઘટી રહ્યા નતી બલ્કે સ્પર્મની ક્વાલિટી અને તેના ફકશન પર પણ નકારાત્મક અસર કરે છે. જાણકાર લોકો અને તબીબો દર્દીને સ્મોકિંગ ઘટાડી દેવા અને શરાર કમ પીવાની સલાહ આપે છે. મેલ ઈન્ફર્ટિલિટી કઈ રીતે ઠીક થાય તેવા પ્રશ્ન કરનાર લોકોની સંખ્યા ખુબ મોટી છે. આના માટે તો સૌથી પહેલા તો સ્પર્મનુ પરીક્ષણ કરવામાં આવે તે જરૂરી છે. યોગ્ય રિઝલ્ટ હાંસલ કરવા માટે ચારથી છ સપ્તાહમાં બે વખત તેનુ પરીક્ષણ કરવામાં આવે તે જરૂરી છે. જો તે પરેશાની સાયકો સેક્સુઅલ નિકળે છે તો તેના માટે કાઉન્સિલિંગની સલાહ આપવામાં આવે છે.

આ ઉપરાંત સ્પર્મ કાઉન્ટને વધારી દેવા અને તેની ક્વાલિટી અને મોટોલિટીને સુધારી દેવા માટે કેટલાક વિટામિન્સ અને એન્ટી ઓક્સીડન્ટના કોર્સ ચલાવવામાં આવે છે.



ટેસ્ટીડનુ તાપમાન શરીરની તુલનામાં ઓછુ હોય છે. તેને તે જ તાપમાન પર મેનટેન કરવા માટેની જરૂર હોય છે. પરંતુ ટ્રાઉજર અથવા તો પેન્ટના પોકેટમાં મોબાઈલ રાખવા અથવા તો ખોળામાં લેપટોપ રાખીને કામ કરવાની બાબત, ડ્રાઈવિંગ કરતી વેળા અને ઓફિસમાં કલાકો સુધી બેસી રહેવાના કારણે ટેસ્ટીજ અને સ્પર્મ પર ખરાબ અસર થાય છે. હાર્મોનલ સમસ્યાના કારણે પુરૂષોમાં રિપ્રોડક્ટિવ ફકશન પર અસર થાય છે. કેટલાક મામલામાં ટેસ્ટીજમાં સ્પર્મ હોય છે. પરંતુ બ્લોકેજના કારણે તે પુરૂષના લિંગ સુધી પહોંચી જવામાં અસમર્થ હોય છે. જ્યારે કેટલાક મામલામાં ટેસ્ટીજથી સ્પર્મ નિકળીને ઈન્ડાના ફર્ટિલાઈઝેશન માટે ઉપયોગ કરે છે. ૨૦ મિલિયન પર મિલીલીટર સ્પર્મ કાઉન્ટને કંન્સીવ કરવા માટે નોર્મલ ગણવામાં આવે છે. કેટલીક વખત ટેકનિકની સહાયથી કેટલાક મિલિયન સ્પર્મથી જ બેબી કન્સીવ કરવામાં આવે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા મલ્ટીનેશનલ સર્વેમાં ધડાકો કરવામાં આવ્યો છે કે વિશ્વભરમાં મોટાભાગના યુવાનો બિન સુરક્ષિત સેક્સ માણે છે. ગર્ભ નિરોધક વિકલ્પોનો ઉપયોગ ઓછો કરે છે. આ સર્વેમાં અન્ય ઘણી ચોંકાવનારી બાબતો આજે સવારે જાહેર કરવામાં આવી હતી. વર્લ્ડ કોન્ટ્રાસેપ્સન ડે (ડબલ્યુસીડી) માટે તૈયાર કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટી સંખ્યામાં યુવાનો બિન સુરક્ષિત સેક્સ સાથે ટેવાયેલા છે. અહેવાલ મુજબ નવા પાર્ટનર સાથે બિન સુરક્ષિત સેક્સ માણનાર યુવાનોની સંખ્યામાં ફ્રાંન્સમાં ૧૧૧ ટકાનો વધારો થયો છે. જ્યારે બ્રિટનમાં ૧૯ ટકા અને અમેરિકામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૩૯ ટકાનો વધારો થયો છે. આનો મતલબ એ થયો કે બિનસુરક્ષિત સેક્સને લઈને યુવાનો સાવધાન ચોક્કસપણે છે પરંતુ બિનસુરક્ષિત સેક્સને વધારે મહત્વ આપે છે. અભ્યાસના પરિણામોની સાથે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વના તમામ દેશોને યુવાનોમાં ટ્રેન્ડ એક સમાન રહ્યો છે. જાણકાર લોકોનું કહેવું છે કે બિન સુરક્ષિત સેક્સ મામલે જાગૃતિ જગાવાની જરૂર છે. જ્યારે પણ યુવાનોને કોન્ટ્રાસેપ્ટિવ માહિતી અને સેવા આપવામાં આવે છે ત્યારે લોકો મોટાભાગે આને ગંભીરતાથી લેતા નથી.

CMYK




Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# સફેદ વાળમાં હેર કલર ન કરવો હોય તો અપનાવો નેચરલ ઉપાય

બદલાતી જીવનશૈલી અને ખરાબ ભોજનના કારણે મોટાભાગના લોકોને સફેદ વાળની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. મોટાભાગના લોકોને આ પ્રકારની સમસ્યા થાય છે. આવી સ્થિતિમાં કેટલાક લોકો તેનાથી બચવા માટે હેર કલરનો સહારો લે છે. પણ અમુક લોકો નેચરલ રીતનો ઉપયોગ કરવા માગતા હોય તો મીઠો લીમડો તેમના માટે ફાયદાકારક છે. આ ઉપરાંત વાળને મજબૂત કરવા માટે પણ આ પત્તા ખૂબ જ ઉપયોગી છે. જાણો તેનો ઉપયોગ કઈ રીતે કરી શકાય.





## વાળ થઈ જશે નેચરલ કાળા

ન્યુટ્રિશન એક્સપર્ટ 'નિખિલ વત્સ'એ જણાવ્યું કે મીઠા લીમડાના પાન વાળ માટે ખૂબ જ ફાયદાકારક છે. તેનો ઉપયોગ કરવાથી વાળ મુલાયમ અને ચમકદાર બને છે. વાસ્તવમાં આ પાન એન્ટીઓક્સીડેન્ટથી ભરપૂર હોય છે. આવી સ્થિતિમાં જ્યારે તમે તેને તમારા વાળમાં લગાવો તો સફેદ વાળની સમસ્યા પણ ખતમ થઈ જશે.

## મીઠા લીમડાના પાનનો આ રીતે કરો ઉપયોગ

નિખિલ વત્સે કહ્યું કે વાળમાં મીઠા લીમડાના પાનને લગાવવા માટે તેને પાણીમાં 20 મિનિટ સુધી ગરમ કરો. આ પછી દરરોજ આ પાણીથી વાળમાં માલિશ કરો. તેનાથી તમને ફાયદો થશે. નિષ્ણાતોએ જણાવ્યું કે તેમાં એન્ટી બેક્ટેરિયલ અને ફંગલ પણ હોય છે, જેના કારણે માથાની ચામડી પણ સ્વસ્થ રહે છે.

## ડેન્ડ્રફની સમસ્યા પણ થશે ખતમ

સફેદ વાળની સમસ્યાને દૂર કરવાની સાથે ડેન્ડ્રફની સમસ્યાથી પણ છુટકારો મળે છે. આ સિવાય જે લોકોના વાળ ખૂબ ખરે છે તેઓ પણ આ ટ્રાય કરી શકે છે. દરરોજે આ કામ કરવાથી તમને જરૂરી ફાયદો મળશે.

# બાળકોનો એગ્ઝામ સ્ટ્રેસને આ રીતે કરી શકાય છે દૂર

પરીક્ષાના તણાવના કારણે બાળકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર ખરાબ અસર થાય છે. કેટલાંક બાળકોમાં તો પરીક્ષાનો તણાવ એ હદે હાવી થઈ જાય છે કે, તેઓ ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી. આ જ કારણે તે પરીક્ષામાં સારું પરફોર્મ કરી શકતાં નથી અને તેમનું રિઝલ્ટ ખરાબ આવે છે. એવામાં વાલીઓની જવાબદારી બને છે કે, બાળકને તણાવથી દૂર રાખવામાં મદદ કરવી જોઈએ. જો તમારું બાળક પરીક્ષા દરમિયાન બહુ તણાવમાં આવી જતું હોય તો, અહીં જણાવેલ કેટલીક ટિપ્સની મદદથી તમે તેની મદદ કરી શકો છો. આજે આ લેખમાં જુઓ, પરીક્ષા દરમિયાન બાળકોથી સ્ટ્રેસને દૂર રાખવાની ટિપ્સ....



## બાળકપર ભણવા માટે દબાણ ન કરો

ઘણાં માતા-પિતા તેમના બાળક પર ભણવાનું એટલું બધુ દબાણ કરે છે કે, તેના જ કારણે બાળક તણાવનો શિકાર બની જાય છે. તમે બાળક પર ભણવાનું કે પરિણામનું વધારે દબાણ ન કરો. તમારે બાળક પ્રત્યે વિશ્વાસ દર્શાવવો જોઈએ. જેથી તેને પ્રોત્સાહન મળી શકે.

## પેરેન્ટ્સે બાળકો સાથે વાત સપોર્ટ સિસ્ટમ બનવું જોઈએ

જો તમારું બાળક પરીક્ષાના કારણે તણાવમાં હોય તો, તેની સાથે વાત કરો. પેરેન્ટ્સે બાળકોની સપોર્ટ સિસ્ટમ બનવું જોઈએ. જો તમારું બાળક સ્ટ્રેસમાં કે ડરેલું હોય તો, તેને સમજાવો કે, આ બધુ સામાન્ય છે, નોર્મલ જ રહેવું જોઈએ. તમારે બાળક સાથે વાત કરીને પરીક્ષાના તણાવને મેનેજ કરવામાં તેની મદદ કરવી જોઈએ.

## ઘરનું વાતાવરણ સકારાત્મક રાખો

પરીક્ષા દરમિયાન બાળકો પહેલાંથી જ ભણવા બાબતે બહુ ચિંતામાં હોય છે. આ દરમિયાન ઘરનું વાતાવરણ પણ કંઈક એવું હોય છે, જેનાથી તેનો તણાવ વધી જાય છે. એટલે જ ઘરનું વાતાવરણ સકારાત્મક જાળવી રાખવું જોઈએ. આ જ કારણે, બાળક સાથે હંમેશાં માત્રને માત્ર ભણવાની વાત ન કરવી જોઈએ. ભણવા માટે તેને લડવાની જગ્યાએ પ્રોત્સાહન આપવું જોઈએ.

## ખાવા આ રીતે આપો ધ્યાન

તમારા બાળકને સ્ટ્રેસ ફ્રી રાખવા માટે પરીક્ષા દરમિયાન તેમના ખાનપાન પર ખાસ ધ્યાન રાખવું જોઈએ. એક વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે, ડાયટમાં તાજાં અને લીલાં શાકભાજી, ફળ-ફળાદી, સૂકામેવા અને દૂધનો સમાવેશ કરવો જોઈએ. પૌષ્ટિક અને સ્વસ્થ આહાર લેવાથી બાળકને ઉર્જા મળશે અને તેમની એકાગ્રતામાં પણ સુધારો થશે.


## ભણતાં-ભણતાં વચ્ચે બ્રેક લેવો જરૂરી

ભણતાં-ભણતાં વચ્ચે બ્રેક લેવો ખૂબજ મહત્વનો છે. સતત ભણવાથી શરીર અને મગજ બંને થાકી જાય છે. ભણતી વખતે બાળકને વચ્ચે-વચ્ચે બ્રેક લેવાનું કહો. જો પરીક્ષા દરમિયાન તમારું બાળક વધારે તણાવમાં હોય તો, બ્રેક દરમિયાન તેને સંગીત સંભળાવી શકો છો અથવા રિલેક્સેશન એક્ટિવિટીઝ કરી શકો છો. તેનાથી તેનો મૂડ ફ્રેશ રહેશે અને સ્ટ્રેસ પણ દૂર જ રહેશે.

# ક્યારેય જોયું છે રાજસ્થાનનું સ્વિટ્ઝરલેન્ડ ?

ભારતમાં વિદેશને પણ ભૂલવાડી દે એવા કેટલાય રળિયામણા ટૂરિસ્ટ પ્લેસ આવેલાં છે.ઉત્તર, મધ્ય, દક્ષિણ અને પૂર્વ ભારત ફરવા વર્ષો લાખો લોકો જાય છે. ત્યારે રાજસ્થાનના એક ટૂરિસ્ટ પ્લેસ વિશે અમે તમને જણાવીએ કે, જે ભારતનું સ્વિટ્ઝરલેન્ડ કહેવામાં આવે છે. રાજસ્થાનનું આ સુંદર ટૂરિસ્ટ પ્લેસ કિશનગઢમાં આવેલું છે. અહીં ચાર્ય તરફ આવેલાં પહાડો પર બરફની ચાદર હોય છે.અહીં ઘણી પંજાબી અને બોલિવૂડ ફિલ્મનું શૂટિંગ પણ થઈ ગયું છે. એટલું જ નહીં આ પ્લેસ પ્રીવેડિંગ માટે પણ ખૂબ જ ફેમસ છે. મહત્ત્વનું છે કે, કિશનગઢ અજમેર જિલ્લામાં આવેલું છે. આમ તો કિશનગઢ માર્બલ સિટીના નામથી પણ ઓળખાય છે પણ ઘણાં લોકો સુંદર ડમ્પિંગ યાર્ડ પણ કહે છે. અહીં તમને કેટલાય માર્બલના પત્થર જોવા મળી જશે. માર્બલને કાપીને તેમાંથી નીકળતાં વેસ્ટ પાર્ટને ડમ્પિંગ યાર્ડમાં ડમ્પ કરી દેવામાં આવે છે. જ્યારે આ ડમ્પિંગ યાર્ડમાં બનાવવામાં આવ્યો ત્યારથી લોકો ને આ સ્થળ પસંદ આવી રહ્યું છે. ડમ્પિંગ યાર્ડ એટલે પણ સુંદર છે કેમ કે, અહીં આજુબાજુના સફેદ પહાડોથી ઘેરાયેલી લાગે છે. આ સફેદ પહાડ ડંપ કરાયેલા માર્બલની માટી છે. અહીં એક નાનુ તળાવ પણ છે. જે દેખાવમાં એકદમ કાંચ જેવું લાગે છે. ફોટોગ્રાફીના શોખીન લોકો અહીં ખૂબ જ મોટી સંખ્યામાં આવે છે.અત્યારે અહીં ખાવા-પીવા અને રહેવાની સુવિધા છે. ઉલ્બનીય છે કે, અહીં કોમેડિયન કપિલ શર્માની ફિલ્મ કિસ-કિસ કો પ્યાર કરુંનું શૂટિંગ થયું હતું.

## વિદેશ જવાની ઇચ્છા થાય તો એક્સપ્લોર કરો દેશની આ સુંદર જગ્યા



# અદભુત ફાયદા જાણી તમે પણ સેવન કરશો સ્વાસ્થ્ય માટે વરદાન સમાન સફેદ મૂસલી



આયુર્વેદમાં સફેદ મૂસલીનો ઉપયોગ ઔષધિ તરીકે કરવામાં આવે છે. સફેદ મૂસલીમાં અનેક ઔષધીય ગુણ હોય છે. તેમાં પ્રોટીન, વિટામિન, કાર્બોહાઈડ્રેટ, પોટેશિયમ, મેગ્નેશિયમ, કેલ્શિયમ, મ્યૂસિલેજ, સેપોનિન, ફિનોલ, રેઝિન અને પૉલીસેકરાઈડ્સ જેવાં પોષકતત્વો હોય છે. સ્વાસ્થ્ય માટે સફેદ મૂસલી વરદાન સમાન છે. પુરૂષો અને મહિલાઓ બંને માટે સફેદ મૂસલી બહુ ફાયદાકારક ગણાય છે. નિયમિત સફેદ મૂસલીનું સેવન કરવાથી સ્વાસ્થ્ય સંબંધિત અનેક સમસ્યાઓ દૂર કરવામાં મદદ મળે છે. સામાન્ય રીતે સફેદ મૂસલીનું સેવન શારીરિક તાકાત વધારવા માટે કરવામાં આવે છે. આ સિવાય ડાયાબિટીસ, ગઠિયા અને પાચન સંબંધિત સમસ્યાઓમાં પણ તે બહુ ફાયદાકારક ગણાય છે. અનેક રીતે સફેદ મૂસલીનું સેવન કરી શકાય છે. આ માટે તમે સફેદ મૂસલીના પાવડર કે કેપ્સૂલનું દૂધ કે મધમાં મિક્સ કરીને સેવન કરી શકો છો. તો ચાલો જાણીએ સફેદ મૂસલીના ફાયદા વિસ્તૃતમાં.

## સફેદ મૂસલીના 5 ફાયદા

### તાકાત વધારશે સફેદ મૂસલી

સફેદ મૂસલી તાકાત વધારતી ઔષધી ગણાય છે. સફેદ મૂસલીનું સેવન કરવાથી શરીરને પોષણ અને શક્તિ મળે છે. આ માંસપેશીઓને મજબૂત બનાવે છે અને તાકાત વધારવામાં મદદ કરે છે. આ જ કારણે બૉડી બિલ્ડિંગ માટે સફેદ મૂસલી બહુ ફાયદાકારક ગણાય છે. નિયમિત રીતે સફેદ મૂસલીનું સેવન કરવાથી શારીરિક નબળાઈ દૂર કરવામાં મદદ મળી શકે છે. આ માટે દૂધ સાથે સફેદ મૂસલીના પાવડરનું સેવન કરી શકાય છે.

### પેશાબ સંબંધિત સમસ્યાઓ દૂર કરે છે સફેદ મૂસલી

આજકાલ પેશાબમાં બળતરા અને દુખાવાની સમસ્યા સામાન્ય બની ગઈ છે. આવી યૂરિન સંબંધિત સમસ્યાઓ માટે સફેદ મૂસલી ફાયદાકારક ગણાય છે. પેશાબમાં બળતરાની સમસ્યા હોય તો, તમે સફેદ મૂસલીનાં મૂળને પીસીને દૂધ અને ઈલાયચી સાથે ઉકાળો. દિવસમાં બે વાર તેનું સેવન કરો. તેનાથી તમને બહુ જલદી રાહત મળશે.

### બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે છે સફેદ મૂસલી

સફેદ મૂસલીનું સેવન કરવાથી હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા દૂર કરવામાં મદદ મળી શકે છે. વાસ્તવમાં તેમાં મેગ્નેશિયમ હોય છે, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. જો તમને હાઈ બીપીની સમસ્યા હોય તો, સફેદ મૂસલીનું સેવન તમારા માટે ફાયદાકારક રહેશે.

### અર્થરાઈટિસમાં ફાયદાકારક છે સફેદ મૂસલી

- સફેદ મૂસલીનું સેવન અર્થરાઈટિસની સમસ્યામાં બહુ ફાયદાકારક ગણાય છે. તેના સેવનથી સાંધાના દુખાવા અને ગઠિયાની સમસ્યાથી છૂટકારો મળી શકે છે. વાસ્તવમાં સફેદ મૂસલીમામ કેલ્શિયમ હોય છે, જે હાડકાંને મજબૂત બનાવે છે. દૂધ સાથે સફેદ મૂસલીના પાવડરનું સેવન કરવાથી અર્થરાઈટિસના દુખાવામાં આરામ મળે છે.
- સફેદ મૂસલીનું સેવન સ્વાસ્થ્ય માટે બહુ ફાયદાકારક ગણાય છે. જોકે જો તમને કોઈ બીમારી કે સ્વાસ્થ્ય સમસ્યા હોય તો, તેનું સેવન કરતાં પહેલાં હેલ્થ એક્સપર્ટની સલાહ ચોક્કસથી લેવી જોઈએ.

### પેશાબ સંબંધિત સમસ્યાઓમાં ફાયદાકારક છે સફેદ મૂસલી

સફેદ મૂસલીનું સેવન કરવાથી પાચન સંબંધિત સમસ્યાઓમાં અનેક ફાયદા મળે છે. સફેદ મૂસલીમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જે પાચન ક્રિયામાં સુધારો કરે છે. નિયમિત સફેદ મૂસલીનું સેવન કરવાથી પાચનતંત્ર તંદુરસ્ત રહે છે. નિયમિત પેટમાં દુખાવો, ઝાડા, અપચો અને અપચા જેવી સમસ્યાઓમાં બહુ ફાયદો મળે છે.



# દરરોજ એક ચમચી મલાઇ ખાઓ અને આર્થરાઇટિસની બીમારીને રાખો દૂર

મલાઈનું નામ સાંભળતા અનેક લોકોના મનમાં પહેલો પ્રશ્ન એ થતો હોય છે કે મલાઇ ખાવાથી વજન વધી જાય. આ સાથે જ મલાઈનું નામ આવતા જ કોલેસ્ટ્રોલ વધવાની ચિંતા રહે છે. પહેલાંના સમયની વાત કરીએ તો અનેક લોકો મલાઈનું સેવન કરતા હતા. જો કે હાલમાં કરતા પહેલાંના લોકો હેલ્થ પણ સારી રહેતી હતી. આ પાછળ અનેક કારણો જવાબદાર હતા. મલાઇ તમે ડાયટમાં એડ કરો છો તો સ્કિન અને હેલ્થને અનેક ઘણાં ફાયદાઓ થાય છે. પરંતુ મલાઇનું સેવન કેવી રીતે કરવુ એ બહુ જરૂરી છે. મલાઈમાં એ હેલ્ધી ફેટ હોય છે જે તમારા શરીરના હાંડકાઓને મજબૂત કરવાનું કામ કરે છે. તો જાણો આ વિશે વધુમાં.

## મલાઇ ખાવાના ફાયદા

### આર્થરાઇટિસમાં ફાયદો

આર્થરાઇટિસ એક એવી સમસ્યા છે જેમાં મલાઈનું સેવન કરવાથી તમારા સ્વાસ્થ્યને અનેક ઘણો ફાયદો થાય છે. મલાઈના હેલ્ધી ફેટ તમારા ટિશ્યુઝ અને હાડકાંઓમાં રહેલી નમીને દૂર કરવાનું કામ કરે છે. તમે રેગ્યુલર મલાઈનું સેવન કરો છો તો આર્થરાઈટિસની સમસ્યાથી બચી જાવો છો.

### માંસપેશિઓમાં નબળાઇ

તમને ખ્યાલ છે કે મલાઈમાં 455 કેલરી હોય છે જે કેલ્શિયમ, વિટામીન ડી, વિટામીન બી 6 અને પોટેશિયમ હોય છે. આ બધી જ વસ્તુઓ તમારી માંસપેશિઓ અને હાડકાંઓને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

### મહિલાઓમાં રહેલી નબળાઇ કરે છે દૂર

મહિલાઓમાં સામાન્ય રીતે આયરનની ઉણપ વધારે હોય છે. આ ઉણપને દૂર કરવા માટે તમે મલાઈનું સેવન કરી શકો છો. મલાઈમાં આયરનનો સ્ત્રોત વધારે હોય છે જે શરીરમાં એનર્જી આપવાની સાથે-સાથે રેડ બ્લડ સેલ્સને વધારે છે જેના કારણે મહિલાઓના શરીરમાં રહેલી નબળાઈ દૂર થાય છે અને શરીરમાં તાકાત આવે છે.

# ખાસ પુરુષો માટેઃ દરરોજ આ સમયે ખાઓ 2 ઇલાયચી, શારિરિક ક્ષમતા વધે છે, સાથે થાય છે આ ફાયદાઓ

દરેક લોકોના રસોડામાં ઈલાયચીનો ઉપયોગ થતો હોય છે. ઈલાયચી હેલ્થ અને સ્કિન માટે અનેક રીતે ઉપયોગી છે. ઈલાયચી રસોઇનો સ્વાદ વધારે છે અને સાથે-સાથે આ બીમારીઓમાંથી પણ બચાવવાનું કામ કરે છે. જેમ હળદર, લવિંગ અને કાળા મરી ઉપયોગી છે એમ ઈલાયચીનાં પણ બેસ્ટ સાબિત થાય છે. ઈલાયચીનું નિયમિત રીતે સેવન કરવાથી એસિડિટી, કબજીયાત તેમજ પેટની સમસ્યાઓમાંથી રાહત મળે છે.




તમને જાણીને નવાઇ લાગશે કે ઈલાયચીનું સેવન દાંતમાં થતો સડો પણ અટકાવવાનું કામ કરે છે. ઈલાયચીમાં રહેલી તાકાત પુરુષોની શારિરિક ક્ષમતા વધારવામાં મદદ કરે છે. ઈલાયચીમાં કાર્બોહાઈડ્રેટ, ડાયટરી ફાઇબર, કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ, આયરન અને ફોસ્ફરસ હોય છે. પુરુષો રાત્રે ઊંઘવાના પહેલાં ઓછામાં ઓછી બે ઈલાયચી મોંમા રાખવી જોઇએ. રાત્રે ઊંઘતા પહેલા 2 ઈલાયચીને એક ગ્લાસ દૂધની સાથે ગરમ કરીને પીઓ છો તો બેસ્ટ છે. ઈલાયચી યૌન સ્વાસ્થ્યને સારું બનાવવામાં મદદગાર છે. આ માટે નિયમિત રીતે ઈલાયચીનું સેવન કરવાથી પુરુષોની નપુંસકતા દૂર થાય છે.

## આ સમયે ઇલાયચી ખાઓ

રાત્રે ઊંઘતા પહેલા બે ઈલાયચીને એક ગ્લાસ ગરમ પાણીમાં બોઈલ કરી લો અને આ પાણી પીઓ. પછી ઈલાયચીને ચાવીને ખાઇ લો. તમે ઈલાયચીનો ઉપયોગ માઉથ ફ્રેશનર તરીકે કરી શકો છો. અથવા તો કોઈ ડિશ તેમજ શાક બનાવતી વખતે પણ એમાં બે દાણાં નાખીને આનું સેવન કરી શકો છો.

## ઇલાયચીના બીજા જબરજસ્ત ફાયદાઓ

- ઈલાયચી એન્ટી ઈન્ફ્લેમેન્ટરી ગુણોથી ભરપૂર હોય છે જે મોંના કેન્સરથી તમને બચાવવાનું કામ કરી શકે છે.
- વધતા વજનથી તમે પરેશાન છો તો ડાયટમાં ઈલાયચીને જરૂર સામેલ કરો. ઈલાયચીમાં રહેલા પોષક તત્વો ઝડપથી વજન ઘટાડવામાં મદદ કરે છે.
- તમે ઊંઘ આવતી નથી તો તમે ઈલાયચીનું ગરમ પાણી સાથે સેવન કરો. આમાં રહેલા તત્વો તમને ઊંઘ લાવવામાં મદદ કરે છે અને સાથે નસકોરની સમસ્યામાંથી પણ છૂટકારો અપાવે છે.
- ઈલાયચીના સેવનથી ગેસ, એસિડિટી, કબજીયાત અને પેટની તકલીફોને દૂર કરવામાં મદદરૂપ બને છે. આમ, તમને આ તકલીફો છે તો તમે ઈલાયચીનું સેવન કરો.



# સૂકો મેવો ખાવાથી ઘટે છે હૃદયરોગનો ખતરો

હૃદયની બિમારી અને સ્થુળતાનો સામનો કરી રહેલા લોકો માટે સુકો મેવો વરદાન સમાન છે. બદામ,કાજુ, પિસ્તા, અખરોટ, બ્રાઝીલ નટસ, હેઝલનટ, મેકાડામિયા નય, પિકૈન અને ચિલગૌજા સહીત વિભિન્ન પ્રકારનાં સુકા મેવાનું સેવન ટ્રિપ્ટોફન (એક પ્રકારનો એમિનો એસીડ) મેટાબોલિઝમને વધતુ રોકી દે છે. સંશોધકોએ ઓનલાઈન પ્રકાશિત અધ્યયન જર્નલ ન્યુટ્રિએન્ટસમાં આ દાવો કર્યો છે. આથી મૂડને નિયંત્રીત કરનાર એરોટોનિન હાર્મોન અને હૃદયને સુરક્ષીત રાખનારા ટ્રિપ્ટોફન મેટાબોલિઝમ બન્નેમાં વધારો થાય છે. ટ્રિપ્ટાફન જ મેટાબોલિઝમ જ ખાનપાનને ઉર્જામાં બદલે છે. 43 ગ્રામ સુકોમેવો ફાયદાકારકઃ કેલિફોર્નિયા વિશ્વ વિદ્યાલયમાં આ પહેલા થયેલા અધ્યયનમાં જાણવા મળ્યુ હતું કે 24 વીક્માં વજન ઘટાડવા અને વ્યવસ્થાપન દરમ્યાન દરરોજ પ્રેટજેલ (એક પ્રકારની બ્રેડ) તુલનામાં 1.5 ઔસ (લગભગ 43 ગ્રામ) સુકો મેવો ખાવાથી ઓછુ વજન અને પેટ ભરેલુ હોવાનો અનુભવ થાય છે. સંશોધનમાં જાણવા મળ્યુ છે કે સુકામેવાથી બ્લડ પ્રેસર અને હૃદયની ગતિમાં પણ ઘટાડો થાય છે.

બ્લડ એરોટોનિનનાં સ્તરમાં થાય છે વૃધ્ધિઃ મિશ્રિત સૂકો મેવો ખાનારાઓમાં બ્લડ સેરોટોનિનનાં સ્તરમાં વધારો થયો હતો. રકમ એરોટોનિનનું સ્તર 12 અને 24 સપ્તાહમાં 60.9 અને 82.2 ટકા સુધી વધી ગયુ હતું. સેરોટોનિન એક એવુ રસાયણ છે જે મસ્તિષ્ક અને શરીરમાં તંત્રિકા કોશિકાઓ વચ્ચે સંદેશ પહોંચાડે છે. ગઠ્ઠા જામવા જેવા કાર્યોમાં ભૂમિકા ભજવે છે.

## સામંથા સિરિયસ અને ચેલેન્જિંગ રોલ કરવામાં માને છે

# ફિલ્મોમાં મહિલાઓને ખોટી રીતે દર્શાવાય છેઃ સામંથાને અફસોસ



સામંથા રૂથ પ્રભુને ફિલ્મોમાં માત્ર ‘શો પીસ’ તરીકે રહેવામાં રસ નથી. સામંથા સિરિયસ અને ચેલેન્જિંગ રોલ કરવામાં માને છે. વાસ્તવિક જગતમાં મહિલાઓ જેવી છે, તેવી જ તેમને ફિલ્મોમાં પણ બતાવવી જોઈએ, તેવું સામંથા માને છે. જો કે ફિલ્મોમાં મહિલાને સાવ ખોટી રીતે દર્શાવવામાં આવતી હોવાનો સામંથાને અફસોસ છે. સામંથા દરેક રોલની પસંદગીમાં ખૂબ કાળજી રાખે છે. નાણાં અથવા વાહ-વાહીના આધારે જ રોલ પસંદ કરવાની ઈચ્છા હોત તો સામંથાએ ‘પુષ્પા ૨’માં પણ ઊ અંટ્વા જેવું ગીત કરવાની હા પાડી હોત. સામંથાએ તેના બદલે ઓછા બજેટની કે સ્ટાર વગરની ફિલ્મો કરવાનું વધારે ગમાડ્યું છે.

અગાઉ ગ્લેમરસ રોલ કરનારી સામંથા હવે ‘ફ્લાવર’માંથી ‘ફાયર’ બનવા માગે છે. જેનો પુરાવો તાજેતરમાં રિલીઝ થયેલી સિરીઝ ‘સિટાડેલઃ હની બની’ પરથી આવી રહ્યો છે. સામંથાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું હતું કે, ઓડિયન્સને વાસ્તવિકતા ગમે છે અને પોતાની જાત સાથે સરખાવી શકે-સાંકળી શકે તેવી વસ્તુઓ ઓડિયન્સને વધારે ગમે છે. તેથી રોલની પસંદગી કરવાનું કામ જવાબદારી સાથે કરવું જોઈએ. રોલ પસંદ કરતી વખતે વર્તમાન સમાજની મહિલાઓનું સાચું નિરુપણ થાય તેની કાળજી રાખવાની ફરજ છે. સામંથાએ આ સાથે અફસોસ વ્યક્ત કર્યો હતો કે, હાલની ફિલ્મોમાં મોટાભાગે મહિલાઓને ખોટી રીતે દર્શાવવામાં આવે છે. મહિલાના પાત્રોને ડેવલપ કરવાના બદલે લીડ હીરોના રોલ મુજબ તેને રજૂ કરાય છે. મહિલાની પોતાની સફર, ક્ષમતા અને તુટિઓ દર્શાવવાનો પ્રયાસ થતો નથી. મહિલાઓને પોતાના અનુભવોના બદલે લીડ કેરેક્ટર સાથેના સંબંધોના આધારે મૂલવવામાં આવે છે.

# અક્ષય ૨૦૨૫માં મોટા પડદે છવાયેલો રહેશે

## ૩ સીક્વલ, ૨ ઓરિજિનલ અને એક હોરર ફિલ્મ રિલીઝ થશે



અક્ષય કુમારની ફિલ્મો ચાલે કે ન ચાલે પણ તેને સતત કામ મળતું રહે છે અને તેની ફિલ્મો એક પછી એક રિલીઝ થતી રહે છે, તે હકીકત છે. તેણે એક પછી એક ફિલ્મો શૂટ કરી છે, જે હવે એક પછી એક રિલીઝ થશે. ૨૦૨૫માં તેની ૩ ફિલ્મોની સીક્વલ આવી રહી છે, ૨ નવી ફિલ્મો આવશે, તેમજ તે ફરી એક વખત એક હોરર ફિલ્મમાં પણ જોવા મળશે.અક્ષયની ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ની અનાઉન્સમેન્ટ ૨૦૨૩માં થઈ હતી. આ ફિલ્મ હવે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મોટા પ ડદે રિલીઝ થશે. પહેલાં આ ફિલ્મ ૨ ઓક્ટોબર ૨૦૨૪માં રિલીઝ થવાની હતી, પરંતુ તેની રિલીઝ પાછી ખેંચાઈ હતી. આ સિવાય એક ફિલ્મ છે, ‘વેલકમ ટુ જંગલ’. આ ફિલ્મમાં અક્ષય સાથે દિશા પટ્ટણી, જેકલિન ફર્નાન્ડિઝ, રવિના ટંડન, સંજય દત્ત, પરેશ રાવલ, લારા દત્તા, સુનિલ શેટ્ટી, અનિલ કપૂર, તુષાર કપૂર, અર્શદ વારસી, શ્રેયસ તળપ દે, બોબી દેઓલ, રાજપાલ યાદવ સહીતના કલાકારોની મસમોટી સ્ટાર કાસ્ટ છે. ત્યાર બાદ અક્ષયની ‘શંકરા’ આવી રહી છે, જેમાં તેની સાથે આર માધવન અને અનન્યા પાંડે પણ જોવા મળશે. આ પીરિયડ ડ્રામા ફિલ્મ ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. અક્ષયની વધુ એક સીક્વલ ‘હાઉસફુલ’ પણ આવતા વર્ષે રિલીઝ થઈ રહી છે. સાજીદ નડિયાદવાલાની આ ફિલ્મ ૬ જૂન, ૨૦૨૫ના રોજ રિલીઝ થવાની છે.‘ભુલભુલૈયા’ બાદ ફરી એક વખત અક્ષય પ્રિયદર્શન સાથે હોરર ફિલ્મ ‘ભૂતબંગલા’ પર કામ કરી રહ્યો છે.

# શેખર કપૂર ‘માસૂમ ૨’ની સ્ક્રિપ્ટ ફ્લાઇટમાં ભૂલી ગયા અને તેમને પાછી પણ મળી ગઈ

## જાણીતા ફિલ્મ મેકર શેખર કપૂરે તાજેતરમાં જ જાહેરાત કરી છે કે તેઓ પોતાની ૧૯૮૩ની જાણીતી ફિલ્મ ‘માસૂમ’ની સીક્વલ બનાવશે



જાણીતા ફિલ્મ મેકર શેખર કપૂરે તાજેતરમાં જ જાહેરાત કરી છે કે તેઓ પોતાની ૧૯૮૩ની જાણીતી ફિલ્મ ‘માસૂમ’ની સીક્વલ બનાવશે અને ટૂંક સમયમાં જ તેનું શૂટિંગ શરૂ કરશે. મહત્વની વાત એ છે કે આ સીક્વલમાં મૂળ ફિલ્મના સ્ટાર્સ નસિરુદ્દીન શાહ અને શબાના આઝમી સહિતનાં કલાકારો પણ ફરી કામ કરશે. તેમન સાથે મનોજ બાજપાઈ પણ આ ફિલ્મમાં જોવા મળશે. તેઓ શેખર કપૂર સાથે આ પહેલાં ‘બેન્ડિટ ક્વીન’માં કામ કરી ચૂક્યા છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા ૫૫મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન શેખર કપૂરે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, “હું ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરીશું. ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર છે. ખરેખર તો એવું બન્યું કે ગઈ કાલે હું ફ્લાઈટમાં દુબઈથી પાછો આવતો હતો ત્યારે હું સીટ પર જ સ્ક્રિપ્ટ ભૂલી ગયો અને એક ફ્લાઈટ અટેન્ડન્ટે મને એક ચિઠ્ઠી સાથે પાછી આપી. આ ફિલ્મ ઈન્ડિયન સિનેમામાં તેનું યાદગાર સ્થાન દર્શાવે છે. આ સ્ક્રીપ્ટ ખોવાઈ ગઈ હતી અને મારી પાસે પાછી આવી, તે દર્શાવે છે કે આ ફિલ્મ બનવાનું નિશ્ચિત છે.” જોકે, તેમણે જણાવ્યું હતું કે હવે સીક્વલમાં અલગ સ્ટોરી હશે પણ મૂળ ફિલ્મના મૂલ્યો હતાં એવાં જ હશે. સાથે તેમણે માસૂમ ફરી રિલીઝ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. તેમાં તનુજા, સુપ્રિયા પાઠક, સઈદ જાફરી સાથે બાળ કલાકાર તરીકે જુગલ હંસરાજ, આરાધના અને ઊર્મિલા માતોંડકર હતાં. ૧૯૮૩માં રિલીઝ થયેલી આ ફિલ્મ શેખર કપૂરની ડિરેક્ટર તરીકે પહેલી ફિલ્મ હતી, જે એરીક સેગલની નવલકથા ‘મૅન, વુમન એન્ડ ચાઈલ્ડ’ પરથી બની હતી. આ ફિલ્મનું સંગીત આર. ડી.બર્મન દ્વારા આપવામાં આવ્યું હતું.

# મુકેશ ખન્નાએ દેશી સુપર હીરો ‘શક્તિમાન’ની જાહેરાત કરી

૯૦ના દસકામાં મોટાં થયેલાં બાળકોનો કોઈ અસલી સુપર હીરો હોય તો એ શક્તિમાન છે, એક એવો સુપર હિરો જે ગોળ ફરતાં ઉડીને મુશ્કેલીમાં મુકાયેલા લોકોને બચાવે છે અને ગુનેગારોને પણ પ કડે છે. ૯૦ના દાયકાના બાળકો માટે કોઈ પણ સ્પ ાઈડરમેન, સુપરમેન કે આયર્નમેન કરતાં શક્તિમાન વધુ જાણીતો સુપર હિરો હતો. હવે આજની પેઢીના બાળકોને પણ આ સુપરહિરોનો પરિચય થાય તે હેતુથી મુકેશ ખન્ના ઘણા લાંબા સમયથી એક ફિલ્મ બનાવવાનું આયોજન કરતા રહ્યા છે. અંતે હવે શનિવારે મુકેશ ખન્નાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર ટીઝર શેર કરીને ખાતરી આપી છે કે અંતે આ ઓરિજીનલ સુપર હિરો મોટા પડદે આવવા તૈયાર છે. મુકેશ ખન્નાએ શક્તિમાનનો એક નાનો વીડિયો શેર કરીને કૅપ્શનમાં લખ્યું હતું, “તેના પાછા આવવાનો સમય થઈ ગયો છે”. આ પોસ્ટ શેર થતાં જ અનેક લોકોએ તેના પર કમેન્ટ કરીને પોતાની ઉત્સુકતા દર્શાવી હતી. આ વીડિયોની કૅપ્શનમાં મુકેશ ખન્નાએ લખ્યું, “આપ ણો પહેલો ભારતીય સુપર ટીચર-સુપર હિરો. હા! આજે જ્યારે અંધકાર અને દુષ્ટ શક્તિઓ આજના બાળકો પર હાવી થઈ રહી છે..ત્યારે એના પાછા ફરવાનો સમય થઈ ગયો છે. તે એક સંદેશ સાથે પાછો ફરે છે. તે શીખવવા માટે પાછો વે છે. આજની પેઢી તેનું બંને હાથ ખોલીને સ્વાગત કરી રહી છે.

# મેં આવી સફળતા માટે વર્ષો સુધી રાહ જોઈ છેઃ વિદ્યા બાલન


## ૧૭ વર્ષે ફરી એક વખત મંજુલિકાનો રોલ કર્યો છે

વિદ્યા બાલન હાલ અનીસ બાઝમીની ફિલ્મ ‘ભૂલ ભુલૈયા ૩’ની સફળતાની મજા માણી રહી છે. પહેલી ફિલ્મ બાદ વિદ્યાએ ૧૭ વર્ષે ફરી એક વખત તેનો જાણીતો મંજુલિકાનો રોલ કર્યો છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં વિદ્યાએ પોતાના માધુરી સાથે કામ કરવાના અનુભવ તેમજ તેના માટે આ ફિલ્મની સફળતા કેટલી મહત્વની છે, તે અંગે વાત કરી હતી. આ ફિલ્મની સફળતા અંગે વાત કરતાં વિદ્યાએ કહ્યું, “મારી કલ્પના કરતા પણ મોટી સફળતા અને ઈમાનદારીથી કહું તો મેં ક્યારેય આવી કલ્પના પણ કરી નહોતી. મેં ક્યારેય કલ્પના પણ કરી નહોતી કે હું ફરીથી ભૂલ ભુલૈયા કરીશ અને મંજુલિકાનું પાત્ર ફરી જીવંત કરી શકીશ. મેં કલ્પના પણ નહોતી કરી કે મને આટલો બધો પ્રેમ મળશે. હું બહુ ખુશ છું, હું ખુશ છું કે ફિલ્મ ઘણું સારું પ્રદર્શન કરી રહી છે. મારી આ અત્યાર સુધીની સૌથી સફળ ફિલ્મ છે. આથી સારું શું હોઈ શકે?”આ ફિલ્મથી વિદ્યાને માધુરી દિક્ષિત સાથે એક જ મંચ પર ડાન્સ કરવાની પણ તક મળી. આ અંગે વિદ્યાએ કહ્યું, “હું તો મારી જાતને ડાન્સર પણ નથી માનતી. પરંતુ એક કલાકાર તરીકે જો તમે મારી પાસે ડાન્સ કરાવવા માગતા હોય તો તેના માટે હું ચોક્કસ મહેનત કરીશ, એમાં પણ જો તમારે માધુરી દિક્ષિત સાથે કામ કરવાનું હોય તો તમારે ઓર વધારે મહેનત કરવી પડે છે. મારા માટે આ જીવનમાં એક વાર મળતી તક હતી, તેથી મેં પણ ઘણી મહેનત કરી. આ પહેલાં તેની સાથે જેણે પણ ડાન્સ કર્યો છે, એ બધાં જ ડાન્સર્સ હતાં —ઐશ્વર્યા રાય, કરિશ્મા કપૂર. તેથી મેં બમણી મહેનત કરી હતી.




# અભિષેક—ઐશ્વર્યાના ડિવોર્સની ચર્ચા વચ્ચે નિમ્રત કૌરે અંતે મૌન તોડ્યું

છેલ્લા ઘણા સમયથી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન વચ્ચે છૂટાછેડા અંગે અનેક પ્રકારની અફવાઓ અને ચર્ચાઓ ચાલી રહી છે. તેમાં છેલ્લા કેટલાંક વખતથી જાણીતી એક્ટ્રેસ નિમ્રત કૌરનું નામ પણ જોડાયું છે. તેના પર અનેક લોકોએ ઘર તોડવાના આરોપ મુક્યા તો કોઈએ તેને ઐશ્વર્યા અભિષેકનાં સંબંધો તોડવા માટે જવાબદાર પણ ગણાવી. તો છેલ્લાં બે-ચાર દિવસથી આ ચર્ચાઓ વચ્ચે અમિતાભ બચ્ચને નિમ્રત કૌરને કોઈ ફિલ્મ સંદર્ભે લખેલો જૂનો પત્ર પણ વાયરલ થયો હતો. વર્ષ ૨૦૧૩માં જ્યારથી ‘ધ લંચબોક્સ’ ફિલ્મ આવી ત્યારથી નિમ્રત કૌર જાણીતી થઈ છે, તેણે અનેક ફિલ્મોમાં યાદગાર અભિનય કર્યો છે. તે અભિષેક બચ્ચન સાથે ‘દસવીં’ ફિલ્મમાં કામ કરી ચૂકી છે. આ ઉપ રાંત તે અમેરિકન વૅબ સિરીઝ ‘હોમલૅન્ડ’માં પણ કામ કરી ચૂકી છે, જેમાં તેણે એક આઈએસઆઈ એજન્ટનો રોલ કર્યો હતો. કારકિર્દીમાં આ સ્તર હાંસલ કર્યા પછી પણ નિમ્રત છેલ્લા કેટલાંક સમયથી સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કરી રહી છે. તેમ છતાં તે પણ બચ્ચન પરિવારના સભ્યોની જેમ મૌન જાળવી રહી હતી. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં નિમ્રતે આ અંગે જવાબ આપતાં કહ્યું, “હું કશું કરી શકી હોત તો પણ લોકોએ તો તેમને જે બોલવું છે, એ જ બોલ્યાં હોત. આ પ્રકારની ગોસિપનો કોઈ અંત જ નથી અને હું મારા કામ પર ધ્યાન આપવામાં માનું છું.”



# શાહરુખ-કાજોલની સુપરહિટ ફિલ્મની સિક્વલ બનશે

શાહરૂખ ખાનની ફિલ્મ બાઝીગરને રિલીઝ થયાને ૩૧ વર્ષ થઈ ગયા છે. હવે તેની સિક્વલના સમાચાર છે. નિર્માતા રતન જૈને કહ્યું કે આ અંગે શાહરૂખ ખાન સાથે વાતચીત ચાલી રહી છે પરંતુ હજુ સુધી કોઈ નક્કર સ્ક્રિપ્ટ કે પ્લાન તૈયાર કરવામાં આવ્યો નથી. નિર્માતાનો ઈરાદો છે કે શાહરૂખ લીડ રોલમાં હશે તો જ વાત આગળ વધશે. પરંતુ આ ફિલ્મ આજના જમાના પ્રમાણે નવા ફ્લેવરમાં બનાવવામાં આવશે.બાઝીગરના નિર્માતા તેનો ભાગ ૨ બનાવવાની યોજના બનાવી રહ્યા છે. આ માટે તે એવી સ્ક્રિપ્ટ શોધી રહ્યા છે જે રોમાંચક હોય. તેનું ડાયરેક્શન પણ ળેશ રાખવા માંગે છે. નિર્માતા રતન જૈને કહ્યું, ‘અમે બાઝીગર ૨ વિશે શાહરુખ ખાન સાથે વાત કરતા રહીએ છીએ પરંતુ હજુ સુધી કંઈ ખાસ થયું નથી. પરંતુ તે ચોક્કસપણે બનાવવામાં આવશે.બાઝીગર ફિલ્મ વર્ષ ૧૯૯૩માં બની હતી. જેમાં શાહરૂખ ખાન લીડ રોલમાં હતો. તેના પાત્રમાં નકારાત્મક શેડ્સ હતા. આ ફિલ્મમાં કાજોલ અને શિલ્પા શેટ્ટી હતાં. શિલ્પાની આ પહેલી હિન્દી ફિલ્મ હતી.આ ફિલ્મમાં શાહરૂખ ખાને વિકી મલ્હોત્રાનો રોલ કર્યો છે. તે મદન ચોપરા (દલીપ તાહિલ) પાસેથી તેના પિતાના વિશ્વાસઘાત અને મૃત્યુનો બદલો લે છે. તે મદનની બે દીકરીઓના પ્રેમમાં હોવાનો ડોળ કરે છે. સીમા (શિલ્પા શેટ્ટી)ની હત્યા એવી રીતે કરવામાં આવે છે કે લોકોને લાગે છે કે તે આત્મહત્યા છે. તે મદન ચોપરાનો વિશ્વાસ જીતીને બિઝનેસ પણ સંભાળે છે. બાઝીગર લગભગ ૪ કરોડ રૂપિયાના બજેટમાં બની હતી. તેની કુલ કમાણી ૩૨ કરોડ હતી અને ભારતમાં ચોખ્ખી કમાણી ૧૫ કરોડ હતી.



# લેડી સિંઘમ પર આખી ફિલ્મ દીપિકા ફરી શક્તિ શેટ્ટી બનશે

## રોહિત શેટ્ટીની સિંઘમ ૨૦૧૧માં રિલીઝ થઈ હતી

રોહિત શેટ્ટીની સિંઘમ ૨૦૧૧માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મથી રોહિત શેટ્ટીના કોપ યુનિવર્સની શરૂઆત થઈ હતી. જોકે, એ વખતે તેનો કોપ યુનિવર્સ બનાવવાનો કોઈ પ્લાન પણ નહોતો. ધીરે ધીરે ‘સિંઘમ રિટર્ન્સ’, ‘સૂર્યવંશી’ અને ‘સિમ્બા’ આવી અને રોહિત શેટ્ટીની આ ફ્રેન્ચાઈઝી એટલી લોકપ્રિય થઈ ગઈ કે ‘સિંઘમ અગેઈન’ બે જ અઠવાડિયામાં ૨૦૦ કરોડ ક્લબમાં પહોંચી ગઈ.આ પહેલાં આ ફ્રેન્ચાઈઝીની ફિલ્મોની હિરોઈન પોલિસ ઈન્સ્પેક્ટર હિરોની ગર્લફ્રેન્ડના રોલમાં જ જોવા મળી હતી, પરંતુ ‘સિંઘમ અગેઈન’માં દીપિકાએ લેડી કોપ શક્તિ શેટ્ટી તરીકે એન્ટ્રી કરી છે. હવે રોહિત શેટ્ટીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે,“શક્તિ શેટ્ટીની એન્ટ્રી માટે યોગ્ય સ્ક્રિપ્ટની રાહ જોવાતી હતી. ૨૦૧૮ સુધી તો હું પોતે કોપ યુનિવર્સ માટે દૃઢ નહોતો. સિમ્બા ચાલી ત્યારે અમને થયું કે અમે આવા બીજા પાત્રો પણ લાવી શકીએ છીએ અને એક યુનિવર્સ બનાવી શકીએ છીએ. ત્યાર પછી અમે સૂર્યવંશી બનાવી અને એ વખતે અમને વિચાર આવ્યો કે એક માત્ર લેડી કોપની પણ ફિલ્મ બની શકે છે.”શક્તિ શેટ્ટી વહેલી આવી શકી હોવાની વાત પર રોહિત શેટ્ટીએ કહ્યું,“આપણે કોવિડમાં બે વર્ષ ગુમાવી દીધાં હતાં. સૂર્યવંશી માર્ચ ૨૦૧૯માં રિલીઝ થવાની હતી. અમે ખુશ હતા કારણ કે ટ્રેલરને ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. તેથી અમને એમ હતું કે ફિલ્મ સારી ચાલશે. પરંતુ અચાનક ફિલ્મ બે વર્ષ માટે ડબ્બામાં પ ુરાઈ ગઈ અને બધું જ તેના કારણે વિલંબમાં મુકાઈ ગયું.





॥ નૂતન વર્ષાભિનંદન ॥
કડીના બિઝનેશ એરીયામાં આકર્ષક ડીઝાઈન, વૈભવી અને આરામદાયક રૂમમાં રહેવાની ઉત્તમ સગવડ એટલે...
HOTEL SHIV PALACE
અહીં તમને મળશે વિશિષ્ઠ શૈલી અને વિશિષ્ઠ વાતાવરણ....
સુવિધાઓ
દરેક રૂમમાં મલ્ટીચેનલ LED TV
૨૪ કલાક રૂમ સર્વિસ
ટ્રાવેલ ડેસ્ક
ડોક્ટર ઓન કોલ
Wi-fi
GYM
ઓપન ટેરેસ ગઝેબો
રેસ્ટોરન્ટ
લોન્ડ્રી
ગરમ-ઠંડુ પાણી
દરેક રૂમમાં મીનરલ વોટર
ક્રેડીટ કાર્ડ સ્વીકાર્ય
ઈરાણા પાટીયા પાસે, કડી-છત્રાલ રોડ, કડી - ૩૮૨૭૧૫ (ઉ.ગુજરાત)
ફોન : ૦૨૭૬૪-૨૭૭૫૫૫, ૨૭૭૯૯૯, મો. ૮૦૧૪૬ ૫૫૫૫૫, ૮૦૧૪૭ ૫૫૫૫૫
Web : www.hotelgangotripalace.com • E-mail : info@hotelshivpalace.co.in • Web : www.hotelshivpalace.co.in
Hotel Gangotri PALACE
પંજાબી
ચાઇનીઝ
કાઠીયાવાડી
સાઉથ ઇન્ડીયન
A.C. / Non A.C. ડીલક્ષ રૂમની સુવિધા
કડી-છત્રાલ રોડ, કોટન માર્કેટની બાજુમાં, કડી.
ફોન : ૦૨૭૬૪-૨૪૨૪૯૯, (મો) +૯૧-૭૬૦૦૯૯૯૭૭૭




દિવ્ય પ્રકાશનું આ મહાપર્વ સૌના જીવનમાં પ્રગતિરૂપી પ્રકાશ ફેલાવે તેવી મંગલમય શુભકામનાઓ સાથે...
॥ નૂતન વર્ષાભિનંદન ॥
હોટલ સિલ્વર પર્લ
HOTEL SILVER PEARL
(રેસ્ટોરન્ટ - બેંકવેટ અને રૂમ્સ)
● પંજાબી ● ચાઈનીઝ ● કોન્ટીનેન્ટલ
અત્યંત આધુનિક સેવાઓથી સજ્જ ૪૦ થી ૪૦૦ વ્યક્તિ માટેનો વિશાળ બેન્કવેટ હોલ રૂમ્સની સુવિધા સાથે...
નાના-મોટા કોઈપણ પ્રસંગનું બેન્કવેટ હોલમાં આપના બજેટ અનુશાર લંચ અને ડીનરનું સુંદર આયોજન કરી આપીશું
વિનાયક આર્કેડ, રીલાયન્સ પેટ્રોલ પંપની પાસે, કડી-છત્રાલ રોડ, કડી - ૩૮૨૭૧૫
Ph. : 02764-242526, 262728 (M.) 70431 60007, 70431 60008




HAPPY NEW YEAR
darshan
RESTAURANT I AC ROOMS I AC HALL I PARTY PLOT
PUNJABI
GUJARATI
KATHIYAWADI
CHINESE
SOUTH INDIAN
LIVE SNACKS
State Highway No. 41, Kalol Mehsana Highway, Nandasan, Ta. Kadi, Dist. Mehsana-382705.
Ph. No. : 02764 - 267121 / 273440, Mo. 98927 32728




નૂતન વર્ષાભિનંદન
prime RESTAURANT & BANQUET
BANQUET
પ્રાઈમ રેસ્ટોરન્ટ
હેરીટેજ પ્લાઝા, નિરમાનગર સોસાયટીની સામે, દેત્રોજ રોડ, કડી.
મો. ૭૮૭૪૯ ૭૭૧૪૦, ૯૬૦૧૪ ૮૮૦૪૫
❖ સ્પેશ્યલ વાનગીઓ ❖
પંજાબી
કોન્ટીનેન્ટલ
ચાઈનીઝ
જૈન વાનગી
અમારી વિશેષ સેવાઓ :
૫૦ વ્યક્તિ માટે બુફે પાર્ટી હોલની સુવિધા.




નૂતન વર્ષાભિનંદન
(શુધ્ધ શાકાહારી)
હોટેલ ક્રિષ્ના
(ગણેશપુરા)
BANQUET
HOTEL KRISHNA
રેસ્ટોરન્ટ
ફાસ્ટફુડ
બેન્કવેટ હોલ
A.C. ડીલક્ષ રૂમ તથા A.C. હોલ
પ્રતિક કનુભાઈ પટેલ (વડપુરા)
નિખીલ કાન્તીલાલ શાહ (વડુ)
રમેશભાઈ એમ. પટેલ (વડપુરા)
હાયફન ફુડની સામે, નંદાસણ નજીક, અમદાવાદ-મહેસાણા હાઈવે, મુ.ગણેશપુરા
Contact No. :- 9067070570




SYNCSTONE
DIGITAL FULLBODY TILES
by
mozart®
THE TILE COMPOSER
EXCITED FOR SOMETHING NEW IN FULLBODY TILES ?
SIZES:
600x1200mm
600x600mm
ISO 9001:2015
www.mozartvitrified.com
NUMBER ONE IN FULLBODY TILES

### બાબા સિદ્દીકીની હત્યા બાદ આ કેસમાં નવા ખુલાસા

# ગોળી મારનારા શૂટરે મોતની પુષ્ટિ માટે હોસ્પિટલમાં ૩૦ મિનિટ જોઈ હતી રાહ

## રોકાયા બાદ જ્યારે તેમને ખબર પડી કે બાબા સિદ્દીકીની હાલત ખૂબ જ નાજુક છે જે બાદ ત્યાંથી ફરાર થઈ ગયા

। મુંબઈ, તા. ૧૪ ।

મુંબઈમાં એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ આ કેસમાં દરરોજ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે.પોલીસ દ્વારા પકડવામાં આવેલા શૂટર્સની હાલ પૂછપરછ કરવામાં આવી રહી છે અને હત્યાનું રહસ્ય ઉકેલવાની કોશિશ થઈ રહી છે. મુખ્ય શૂટર શિવકુમાર ગૌતમે પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસા કર્યા હતો. હત્યા બાદ શૂટર લીલીવતી હોસ્પિટલમાં ગયો હતો અને બાબા સિદ્દીકીના મૃત્યુની પુષ્ટિ થઈ ત્યાં સુધી ૩૦ મિનિટ રોકાયો હતો.ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછ દરમિયાન આરોપી શૂટર શિવકુમાર ગૌતમે ખુલાસો કર્યો કે ૧૨ ઓક્ટોબરે બાબા સિદ્દીકીને ગોળી માર્યા બાદ તે મૃત્યુ પામ્યો છે કે નહીં તેની પુષ્ટિ કરવા લીલાવતી હોસ્પિટલમાં ગયો હતો. આ ભયાનક ઘટનાને અંજામ આપ્યા પછી, શૂટર લગભગ ૩૦ મિનિટ સુધી હોસ્પિટલમાં રહ્યો હતો. તે દ્રઝૅ નેતાની ગંભીર સ્થિતિ વિશે દરેક ક્ષણે અપડેટ ઈચ્છતો હતો. ત્યાં લગભગ ૩૦ મિનિટ રોકાયા બાદ જ્યારે તેમને ખબર પડી કે બાબા સિદ્દીકીની હાલત ખૂબ જ નાજુક છે જે બાદ ત્યાંથી ફરાર થઈ ગયા હતા.પૂછપરછ દરમિયાન એવું પણ બહાર આવ્યું હતું કે શૂટર શિવકુમાર ગૌતમે પ્લાનિંગ મુજબ આ ઘટનાને અંજામ આપ્યો હતો. અન્ય આરોપીઓ ધરમરાજ કશ્યપ અને ગુરમેલ સિંહ ઉજ્જૈન રેલ્વે સ્ટેશન પર મળવાના હતા, જ્યાં બિશ્નોઈ ગેંગનો એક સભ્ય તેમને વૈષ્ણોદેવી લઈ જવાનો હતો. જોકે, આ પ્લાન નિષ્ફળ ગયો હતો. આ કારણે બે શૂટરો ઝડપાઈ ગયા હતા. મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી અને દ્રઝૅ નેતા બાબા સિદ્દીકીની ૧૨ ઓક્ટોબરે મુંબઈના બાંદ્રામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. શૂટર શિવકુમાર હત્યા કરીને બહરાઈચ ભાગી ગયો હતો. ત્યાંથી તે નેપાળ ભાગી જવાની યોજના બનાવી રહ્યો હતો.

### આ વર્ષે ટેક્સ કલેક્શનમાં ૧૫ ટકાથી વધુનો વધારો

# કરદાતાઓએ બનાવ્યો રેકોર્ડ, દર કલાકે ૨૨૫ કરોડ ટેક્સ ભરાયો

## છેલ્લા નાણાકીય વર્ષની તુલનામાં ૧૦.૪૯ લાખ કરોડ કરતાં ૧૫.૪૧ ટકા વધુ છે : દર વર્ષે કરદાતાઓ ટેક્સ ભરવાના મામલે રેકોર્ડ બનાવી રહ્યા છે

। નવી દિલ્હી, તા.૧૪ ।

દેશના તમામ કરદાતાઓ તેમની જવાબદારી સારી નિભાવી રહ્યાં છે. દર વર્ષે કરદાતાઓ ટેક્સ ભરવાના મામલે સતત રેકોર્ડ બનાવી રહ્યા છે. જો આપણે આંકડાઓની વાત કરીએ તો વર્તમાન સમયમાં એટલે કે નાણાકીય વર્ષના ૨૨૪ દિવસમાં દર કલાકે સરેરાશ ૨૨૫ કરોડ રુપિયા જમા થયા છે. એટલે તે ૭ મહિના અને ૧૦ દિવસમાં ૧૨ લાખ કરોડ રુપિયાથી વધુનો ટેક્સ જમા થયો છે. જેમાં રુપિયા ૫ લાખ કરોડથી વધુ કોર્પોરેટ ટેક્સ અને રુપિયા ૬.૫૦ લાખ કરોડથી વધુ નોન – કોર્પોરેટ ટેક્સનો પણ સમાવેશ થાય છે. તો આજે આપણે જાણીશું કે આજે




આ વર્ષે સરકારની તિજોરીમાં કેટલા રુપિયા રોકાયા છે?

આ વર્ષે ભારતમાં ૧ એપ્રિલથી ૧૦ નવેમ્બરની વચ્ચે નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૫.૪૧ ટકા વધ્યુ છે એટલે કે ૧૨.૧૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (ઝ્રમ્ઘ્)ની આપેલી માહિતી મુજબ તેમાં રુપિયા ૫.૧૦ લાખ કરોડનો ચોખ્ખો કોર્પોરેટ ટેક્સ અને ૬.૬૨ લાખ કરોડ રુપિયાનો નોન-કોર્પોરેટ ટેક્સ એટલે કે વ્યક્તિ, ૐંહ્લ, પેઢીઓ દ્વારા ચૂકવવામાં આવેલા કર સહિતનો સમાવેશ થાય છે. આંકડાકીય માહિતી અનુસાર એપ્રિલથી નવેમ્બર ૧૦ દરમિયાન ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૧.૨૦ ટકા વધીને ૧૫.૦૨ લાખ કરોડ રુપિયા થયું છે.આ સમયગાળા દરમિયાન ૨.૯૨ લાખ કરોડ રુપિયા રિફંડ જાહેર કરવામાં આવ્યા હતા, જે એક વર્ષ અગાઉ કરતાં ૫૩ ટકા વધુ છે. રિફંડ માટે એડજસ્ટ કર્યા પછી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન (જેમાં કોર્પોરેટ, નોન-કોર્પોરેટ અને અન્ય ટેક્સનો સમાવેશ થાય છે) લગભગ ૧૨.૧૧ લાખ કરોડ રુપિયા છે.છેલ્લા નાણાકીય વર્ષની તુલનામાં ૧૦.૪૯ લાખ કરોડ કરતાં ૧૫.૪૧ ટકા વધુ છે. સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં પ્રત્યક્ષ કરમાંથી રૂ. ૨૨.૧૨ લાખ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

## ન્યૂઝ બ્રિફ



### વ્હોટ્સએપને બંધ કરવાની માંગવાળી અરજી ફગાવાઈ

। નવી દિલ્હી, તા.૧૪ ।

લોકપ્રિય મેસેજિંગ એપ વ્હોટ્સએપને બંધ કરવાની માગવાળી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. અરજીકર્તાનું કહેવું હતું કે વ્હોટ્સએપ કેન્દ્ર સરકારના આઈટી ગાઈડલાઈન્સનું પાલન કરતું નથી. ૨૦૨૧માં કેરળ હાઈકોર્ટે પણ આ અરજીકર્તાની આ માગ ઠુકરાવી હતી. કેરળના રહેવાસી ઓમનાકુટ્ટન કે. જી.નું કહેવું હતું કે ૨૦૨૧માં કેરળ હાઈકોર્ટે તેમની અરજીને અપરિપક્વ ગણાવીને ફગાવી દીધી હતી ત્યારે કહેવામાં આવ્યું હતું કે આઈટી ગાઈડલાઈન્સ સરકારે જાહેર કરી નથી.હવે વ્હોટ્સએપ પોતે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આઈટી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ, ૨૦૨૧ને પડકાર આપ્યો છે. વ્હોટ્સએપે કહ્યું છે કે તે પોતાની પ્રાયવસી પોલિસી અનુસાર કામ કરે છે. અરજીકર્તાનું કહેવું હતું કે જ્યારે વ્હોટ્સએપ યુઝર્સની ગોપનીયતા અને ભ્રામક વાતોના પ્રસારને લઈને ભારતના નિયમોનું પાલન કરવા ઈચ્છતું નથી તો તેને અહીં કામ કરવા દેવું જોઈએ નહીં પરંતુ જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને અરવિંદ કુમારની બેન્ચે ઓમનાકુટ્ટનની અરજી ફગાવી દીધી.

### હિન્દુઓને સુરક્ષા આપવા કેનેડાની પોલીસે ૭૦ હજાર ડોલર માગ્યા

। નવી દિલ્હી, તા.૧૪ ।

કેનેડા અને ભારત વચ્ચે ખાલિસ્તાન તત્વોના હિન્દુ મંદિરો પર હુમલાઓ અને હિન્દુ સમુદાયની સુરક્ષાને લઈને સંબંધો સતત બગડી રહ્યા છે. આ દરમિયાન કેનેડામાંથી એક ચોંકાવનરો અહેવાલ સામે આવ્યા છે. કેનેડામાં હવે પોલીસ પણ હિન્દુ સમુદાય પર દબાણ કરી રહી છે. કેનેડામાં હિન્દુ સમુદાય પાસેથી સુરક્ષા આપવાના બદલામાં પોલીસ પૈસાની માગણી કરી રહી છે. જોકે, આ અહેવાલને લઈને સત્તાવાર રીતે કોઈ નિવેદન સામે આવ્યું છે. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાના મામલામાં ભારત-કેનેડાના સંબંધો તણાવપૂર્ણ થઈ ગયા છે. જ્યારે, ખાલિસ્તાની સમર્થકો કથિત રીતે ધમકી આપી રહ્યા છે. સૂત્રોના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે, “પીલ પોલીસે કથિત રીતે હિન્દુ સમુદાયને સુરક્ષા આપવા માટે ૭૦ હજાર ડોલરની માંગ કરી છે, જેનાથી હિન્દુ સંગઠનો ખૂબ નારાજ છે.”

### જેકલીનને ખુશ કરવા હોલિવૂડમાં રૂ.૧૧૩૦ કરોડ રોકીશઃ સુકેશ

। મુંબઇ,તા.૧૪ ।

કૌભાંડી સુકેશ ચક્રવર્તી જેલવાસ દરમિયાન સતત જેકલીન ફર્નાન્ડિઝ પ્રત્યે લાગણી વ્યક્ત કરી રહ્યો છે. રૂ.૨૦૦ કરોડના કૌભાંડીએ જેલમાંથી અમેરિકાના પદનામિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન આપતો પત્ર લખ્યો છે. જેમાં સુકેશે પોતાના લેડી લવ જેકલીનને ખુશ કરવા લોસ એન્જેલસ સ્ટુડિયોમાં ૧૩૫ મિલિયન ડોલર (રૂ.૧૧૩૦ કરોડ)નું રોકાણ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.સુકેશે પોતાના પત્રમાં ટ્રમ્પને ‘બિગ બ્રો’ ગણાવ્યા છે અને અમેરિકાની ચૂંટણીમાં વિજય બદલ શુભેચ્છા આપી છે. હાથેથી લખેલા પત્રમાં સુકેશે એક દાયકા અગાઉ ટ્રમ્પ સાથે થયેલી મુલાકાતનું સ્મરણ કર્યું હતું. જેમાં ટ્રમ્પે આપેલી સલાહને તેણે યાદ કરી હતી. સુકેશના દાવા મુજબ, ટ્રમ્પે તેને જણાવ્યુ હતું કે, દુનિયા જેવી છે તેનો સ્વીકાર કરી લો અથવા તેમાં પોતાની રીતે ફેરફાર લાવો. ટ્રમ્પની આ સલાહ સતત કાનમાં ગૂંજતી હોવાનો અને પ્રોત્સાહિત કરતી હોવાનો દાવો સુકેશે કર્યો છે.પત્રમાં સુકેશે બે કંપનીનો ઉલ્લેખ કર્યો છે. એલએસ હોલ્ડ્ગ્સ અને એલએસ ગેમિંગ એલએલસી કંપની નામની આ કંપની પોતાની હોવાનું સુકેશે કહ્યું છે.

### ભારતે કોરોનાકાળમાં કરી હતી મદદ

# ડોમિનિકા પીએમ મોદીને આપશે તેનું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન

## મોદીને કોમનવેલ્થ ઓફ ડોમિનિકાના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર ‘ડોમિનિકા ઓર્ડર ઓફ ઓનર’થી સન્માનિત કરવામાં આવશે

। ડોમિનિકા, તા.૧૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એકવાર સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. કોમનવેલ્થ ઓફ ડોમિનિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર ‘ડોમિનિકા ઓર્ડર ઑફ ઓનર’ એનાયત કરશે. આ પુરસ્કાર કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડોમિનિકામાં પીએમ મોદીના યોગદાન, આ ઉપરાંત ભારત અને ડોમિનિકા વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવા માટેના તેમના સમર્પણમાં આપવામાં આવી રહ્યો છે.

કોમનવેલ્થ ઑફ ડોમિનિકાએ તેના પત્રમાં જણાવ્યું છે કે કોમનવેલ્થ ઑફ ડોમિનિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર ‘ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર’ એનાયત કરશે. આ એવોર્ડ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડોમિનિકામાં તેમના યોગદાન અને ભારત અને ડોમિનિકા વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવા માટેના તેમના સમર્પણને માન્યતા આપે છે. ગુયાનામાં આગામી ઈન્ડિયા-કેરીકોમ સમિટ દરમિયાન રાષ્ટ્રપતિ સિલ્વાની બર્ટનના હસ્તે આ એવોર્ડ આપવામાં આવશે.

આ પત્રમાં વધુમાં લખાયું છે કે, ફેબ્રુઆરી ૨૦૨૧માં ભારતે ડોમિનિકાને એસ્ટ્રાઝેનેકા કોવિડ-૧૯ રસીના ૭૦,૦૦૦ ડોઝ પૂરા પાડ્યા હતા. જેનાથી ડોમિનિકા તેના કેરેબિયન પડોશીઓને મદદ કરી શકે. આ પુરસ્કાર પીએમ મોદીના નેતૃત્વ હેઠળ આરોગ્ય સંભાળ, શિક્ષણ, માહિતી ટેક્નોલોજી અને આબોહવા સ્થિતિસ્થાપકતા નિર્માણ પહેલમાં ડોમિનિકાને ભારતના સમર્થનમાં પણ સ્વીકારે છે.

### નવી માગરિખામાં ૧૦૦% જોબ સિક્યોરિટીના ખોટા દાવા કરતી એડ્. પર પ્રતિબંધ

# કોચિંગ સેન્ટર્સ હવે ગેરમાર્ગે દોરતી જાહેરાત નહીં કરી શકેઃ માર્ગરેખા જાહેર

## ફેકલ્ટીની યોગ્યતા, ફીનું માળખું, રિફંડની પોલિસી, સિલેક્શનનો દર અને પરીક્ષાના રેન્કિંગ અંગે પણ કોચિંગ સેન્ટર્સ ખોટા દાવા નહીં કરી શકે

। નવી દિલ્હી, તા.૧૪ ।

કેન્દ્ર સરકારે કોચિંગ ઈન્સ્ટિટ્યુટ્સ દ્વારા ગેરમાર્ગે દોરતી એડ્. સામે કડક વલણ અપનાવ્યું છે. આવી એડ્.ના નિયમન માટે બુધવારે નવી માર્ગરેખા જારી કરવામાં આવી છે. જેમાં ૧૦૦ ટકા સિલેક્શન કે ૧૦૦ ટકા જોબ સિક્યોરિટીના ખોટા દાવા કરતી એડ્. પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નેશનલ કન્ઝ્યુ. હેલ્પલાઈનની ફરિયાદોને પગલે આખરી માર્ગરેખા લાગુ થઈ ચૂકી છે. સેન્ટ્રલ કન્ઝ્યુ. પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) દ્વારા તૈયાર કરાયેલી માર્ગરેખામાં એડ્.ની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. નવી માર્ગરેખા અનુસાર કોચિંગ સેન્ટર્સ પર કોર્સ અને તેની મુદત અંગે ખોટા દાવા કરવાનો પ્રતિબંધ મુકાયો છે.ઉપરાંત, ફેકલ્ટીની યોગ્યતા, ફીનું માળખું, રિફંડની પોલિસી, સિલેક્શનનો દર અને પરીક્ષાના રેન્કિંગ અંગે પણ કોચિંગ સેન્ટર્સ ખોટા દાવા નહીં કરી શકે. ઘણા કોચિંગ સેન્ટર્સની એડ્.માં ગેરંટેડ જોબ સિક્યોરિટી અને પગારવધારા અંગે ખોટા દાવા કરતા હોય છે. તેની પર પણ માર્ગરેખામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. માર્ગરેખામાં ‘કોચિંગ’ની વ્યાખ્યા કરવામાં આવી છે. જેમાં શૈક્ષણિક સપોર્ટ, શૈક્ષણિક



માર્ગદર્શન, સ્ટડી પ્રોગ્રામ્સ અને ટ્યુશનનો સમાવેશ કરાયો છે. કાઉન્સેલિંગ, સ્પોર્ટ્સ અને રચનાત્મક પ્રવૃત્તિઓને તેમાંથી બાકાત રખાયા છે. માર્ગરેખામાં એવું પણ જણાવાયું છે કે, કોચિંગ સેન્ટર્સ પસંદગી પછી સફળ વિદ્યાર્થીઓની લેખિત સંમતિ વગર તેમના નામ, ફોટોગ્રાફ્સ વગેરેનો ઉપયોગ કરી શકશે નહીં. સેન્ટર્સે કોર્સ અંગેની મહત્વની માહિતી મોટા અને સ્પષ્ટ શબ્દોમાં દર્શાવવાની રહેશે. સીસીપીએ દ્વારા અત્યાર સુધીમાં ૫૪ નોટિસ જારી કરવામાં આવી છે અને લગભગ ૪૫૪.૬૦ લાખની પેનલ્ટી પણ કરાઈ છે. ગ્રાહક બાબતોના સચિવ નિધી ખરેએ જણાવ્યું હતું કે, “કોચિંગ સેન્ટર્સ ઈરાદાપૂર્વક માહિતી છુપાવતા હોવાનું અમારા ધ્યાનમાં આવ્યું છે. એટલે કોચિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને માર્ગદર્શન આપવા માટે અમે માર્ગરેખા બહાર પાડી છે.

### મને બેભાન કરવાનો પ્રયાસ કર્યો પરંતુ હું કોઈક રીતે ત્યાંથી બહાર ભાગી ગઈ હતી,રશ્મિ દેસાઈ

। મુંબઇ,તા.૧૪ ।

સાઉથથી લઈને બોલિવૂડની સાથે સાથે ટીવી સુધીના ઘણા સ્ટાર્સ કાસ્ટિંગ કાઉચનો શિકાર બન્યા છે. ઘણી વખત સેલેબ્સે કાસ્ટિંગ કાઉચને લઈને એવા ખુલાસા કર્યા કે લોકો અવાક થઈ ગયા. હવે ટેલિવિઝનની તપસ્યા એટલે કે રશ્મિ દેસાઈએ કાસ્ટિંગ કાઉચ પર મોટો ખુલાસો કર્યો છે. અભિનેત્રીએ કહ્યું કે તે વ્યક્તિ તેને બેભાન કરવા માંગતો હતો.રશ્મિ દેસાઈએ એક ઈન્ટરવ્યુમાં તેની સાથે થયેલી ભયાનક ઘટના વિશે જણાવ્યું છે. જે જાણીને તમે પણ અવાક રહી જશો. અભિનેત્રીએ કહ્યું કે મને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવી હતી. મેં જઈને જોયું તો એ માણસ સિવાય ત્યાં કોઈ નહોતું. તે સમયે હું ૧૬ વર્ષની હતી.

### જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પની વ્હાઇટ હાઉસમાં મુલાકાત

। નવી દિલ્હી, તા.૧૪ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પની વ્હાઈટ હાઉસમાં મુલાકાત થઈ હતા. આ બેઠક દરમિયાન બંનેએ શાંતિપૂર્ણ રીતે સત્તા સોંપવાની પ્રક્રિયા હાથ ધરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જો બાઈડને વેલકમ બેક કહીને ટ્રમ્પનું સ્વાગત કર્યું હતું. બાઈડને એમ પણ કહ્યું કે સત્તા સોંપવાનો આ સમય સમગ્ર દેશ માટે મહત્વપૂર્ણ છે. તેમના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે રાજનીતિ મુશ્કેલ છે, પરંતુ તેઓ આ ટ્રાન્સફરને સરળ બનાવવામાં પણ યોગદાન આપશે. જો કે બંને નેતાઓએ પત્રકારોના પ્રશ્નોના જવાબ આપવાનું ટાળ્યું હતું. રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પની બાઈડેન સાથેની આ મુલાકાત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે કારણ કે ૨૦૨૦માં ચૂંટણી હાર્યા પછી, ટ્રમ્પે સત્તા સોંપવા સંબંધિત ઘણી મહત્વપૂર્ણ પરંપરાઓનું પાલન કર્યું નહોતું તેમણે તત્કાલિન પ્રમુખ-ચુંટાયેલા જો બાઈડનને વ્હાઈટ હાઉસની મુલાકાત લેવા માટે આમંત્રણ આપવાનો ઈનકાર કર્યો હતો, અને જો બાઈડનના શપથ ગ્રહણ સમારોહમાં પણ હાજરી આપી ન હતી.

### હાઈકોર્ટે પોલીસને ફટકાર લગાવી | હાઈકોર્ટે તમિલનાડુ પોલીસને સખત ઠપકો આપ્યો અને રાજ્ય સરકારને આ મૂર્તિ ભાજપને પરત કરવો આદેશ આપ્યો

# ભારત માતાનું અપમાન સહન નહીં કરીએ : કોર્ટ

। મદ્રાસ, તા. ૧૪ ।

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ પોલીસને ફટકાર લગાવી છે. આ મામલો ભારતીય જનતા પાર્ટી કાર્યાલયમાંથી ‘ભારત માતા’નું પ્રતિનિધિત્વ કરતી પ્રતિમાને હટાવવા સાથે સંબંધિત છે. હાઈકોર્ટે તમિલનાડુ પોલીસને સખત ઠપકો આપ્યો અને રાજ્ય સરકારને આ મૂર્તિ ભાજપને પરત કરવાનો આદેશ આપ્યો. હાઈકોર્ટે કહ્યું કે ખાનગી જગ્યાએ મામલાઓને નિયંત્રિત કરવાનું રાજ્યનું કામ નથી. ભારત માતાની પ્રતિમા હટાવવી



એ તેમનું અપમાન કરવા જેવું છે. આ કેસ ખાનગી મિલકત પર વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારની મર્યાદાને લગતો એક રસપ્રદ મુદ્દો ઉભો કરે છે. રાજ્ય સરકારે આદેશોનું પાલન કરવું જોઈએ અને પોલીસે તેમની મર્યાદામાં રહીને જનતાની સેવા કરવી જોઈએ અને જનતાનું રક્ષણ કરવું જોઈએ.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચના જસ્ટિસ આનંદ વેંકટેશે આ ચુકાદો સંભળાવ્યો. તેમણે કહ્યું કે મારા મનમાં કોઈ શંકા નથી કે ભારત માતાની પ્રતિમાને ખાનગી મિલકતમાંથી બળજબરીથી હટાવી દેવામાં આવી છે, કદાચ અન્ય કોઈ જગ્યાએથી દબાણને કારણે, પરંતુ આ કૃત્ય અત્યંત નિંદનીય છે અને ભવિષ્યમાં આવું ક્યારેય ન થવું જોઈએ. અમે કાયદા દ્વારા સંચાલિત કલ્યાણ રાજ્યમાં જીવીએ છીએ. તેથી, બંધારણીય અદાલત દ્વારા ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળ તેના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને આવી મનસ્વીતાને ક્યારેય સહન કરી શકાતી નથી. આ કારણે ભારત માતાની ઓળખને પણ ઠેસ પહોંચી છે, તેથી સરકાર અને પોલીસે સતર્ક રહેવું જોઈએ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભાજપ કાર્યાલય માટે ૨૦૧૬માં વિરુધુનગર જિલ્લામાં એક પ્રોપર્ટી ખરીદવામાં આવી હતી, જેની અંદર હાથમાં ધ્વજ ધરાવતી ભારત માતાની પ્રતિમા પણ સ્થાપિત કરવામાં આવી હતી. રાજ્યએ દલીલ કરી હતી કે તેઓએ વર્ષ ૨૦૨૨માં હાઈકોર્ટના આદેશની માર્ગદર્શિકાના આધારે અરજદાર (ભાજપ)ને નોટિસ જારી કરી હતી.

### MCX ગોલ્ડ રૂ.૯૩૨ અને ચાંદીમાં રૂ.૨,૦૫૩નો કડાકો | વૈશ્વિક સ્તરે ગોલ્ડ સ્પોટ ૨૫.૭૦ ડોલર તૂટી ૨૫૬૦.૮૦ પ્રતિ ઔંશ સાથે આઠ સપ્તાહના તળિયે પહોંચ્યું : ચાંદીનો ભાવ ૩૦.૦૭ ડોલર પ્રતિ ઔંશ થયો હતો

# સોનું વધુ રૂ. ૧૩૦૦ રૂપિયા સસ્તું થયું, ચાંદીમાં રૂ. ૩૫૦૦નો ઘટાડો

। નવી દિલ્હી, તા.૧૪ ।

વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સમાં તેજીના કારણે કિંમતી ધાતુમાં કડાકાની અસર સ્થાનિક બજારોમાં પણ જોવા મળી છે. આ સપ્તાહમાં અત્યારસુધીમાં સોના-ચાંદીના ભાવમાં રૂ. ૩૫૦૦નો ઘટાડો નોંધાઈ ચૂક્યો છે. જ્યારે ઓલટાઈમ હાઈથી સોનું રૂ. ૫૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ સસ્તુ થયું છે. જે ૩૦ ઓક્ટોબરે રૂ. ૮૨૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચે હતું.

અમદાવાદ બુલિયન માર્કેટમાં આજે ગુરૂવારે સોનું વધુ રૂ. ૧૩૦૦ સસ્તુ થઈ રૂ. ૭૬૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ક્વોટ થઈ રહ્યું હતું. જ્યારે ચાંદીની કિંમત રૂ. ૩૫૦૦ ઘટી રૂ. ૮૮૦૦૦ પ્રતિ કિગ્રા થઈ હતી. વૈશ્વિક સ્તરે ગોલ્ડ સ્પોટ ૨૫.૭૦ ડોલર તૂટી ૨૫૬૦.૮૦ પ્રતિ ઔંશ સાથે



આઠ સપ્તાહના તળિયે પહોંચ્યું હતું. ચાંદીનો ભાવ ૦.૫૮૮ ડોલર તૂટી ૩૦.૦૭ ડોલર પ્રતિ ઔંશ થયો હતો.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની જીતથી ફુગાવા તરફી નિર્ણયો લેવાની આશંકા છે. જેના પગલે ડોલર ઈન્ડેક્સ સતત મજબૂત બની રહ્યો છે. યુએસ ટ્રેઝરી યીલ્ડ પણ નવી ઊંચાઈએ પહોંચી છે. યુએસ ડોલર વર્ષની ટોચે ટ્રેડ થઈ રહ્યો છે. પરિણામે કિંમતી ધાતુનો ચાર્મ ઘટ્યો છે. કિંમતી ધાતુમાં હજી ઘટાડાની સંભાવનાઓ કોમોડિટી નિષ્ણાતો જણાવી રહ્યા છે.એમસીએક્સ ખાતે સોના અને ચાંદીના વાયદામાં કડાકો નોંધાયો છે. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૯૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૩૯૯૬ અને નીચામાં રૂ.૭૩૩૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૭૪૪૮૨ના આગલા બંધ સામે રૂ.૯૩૨ના ભાવઘટાડા સાથે રૂ.૭૩૫૫૦ના ભાવ થયા હતા.

A Project By
GIRIVAR BUILDCON

અલ્ટ્રા અમેનીટીઝ સાથે,
પ્રાઈમ લિવિંગ
@ NEW SHAHIBAUG

Sreevas
3 BHK & SHOPS



+91 95370 00497 | 77779 20026
Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330
RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERAR1.GUJARAT.GOV.IN
FOR LOCATION

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya